RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 216* Date: 27.05.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

હવે નવી સંસદનું ઉદઘાટન મોદી જ કરશે

## રાષ્ટ્રપતિ પાસે સંસદનું ઉદઘાટન કરવાની માગની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી, હાઈકોર્ટ નહીં જઈએ : અરજદારે કહ્યુ

### કોર્ટે સહજતાથી કહ્યું - મને સમજાતું નથી કે તમે લોકો આવી અરજી કેમ લાવો છો? આમાં તમને શું રસ છે?

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬ એડવોકેટ જયા સુકિને અરજીમાં કહ્યું- ૧૮ મેના રોજ લોકસભા સચિવાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી સંસદનું ઉદઘાટન કરશે. સંસદમાં રાષ્ટ્રપતિ અને સંસદના બે ગૃહોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ દેશના પ્રથમ નાગરિક છે. રાષ્ટ્રપતિ પાસે સંસદને બોલાવવાની અને ભંગ કરવાની સત્તા છે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે જાહેર હિતની આ અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દેતા અરજદારને ઠપકો પણ આપ્યો છે. કોર્ટે કહ્યું, અમને ખબર છે કે આ અરજી શા માટે દાખલ કરવામાં આવી છે? આભારી બનો કે અમે તમને દંડ કરતા નથી.

આ પીઆઈએલ સુપ્રીમ કોર્ટના વકીલ સીઆર જયા સુકિને દાખલ કરી હતી. તેમણે અરજીમાં કહ્યું હતું કે, ઉદ્ઘાટન સમારોહમાં રાષ્ટ્રપતિને સામેલ ન કરીને ભારત સરકારે ભારતીય બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. આમ કરવાથી બંધારણનું સન્માન થતું નથી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સંસદ એ ભારતની સર્વોચ્ચ વિધાયક સંસ્થા છે. ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ અને બે ગૃહો રાજ્યસભા અને લોકોનું ગૃહ, લોકસભાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ પાસે કોઈપણ ગૃહને બોલાવવાની અને રદ કરવાની સત્તા છે. આ સાથે, રાષ્ટ્રપતિ પાસે સંસદ અથવા લોકસભાને ભંગ કરવાની સત્તા પણ છે.

તે વડાપ્રધાન અને અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે અને તમામ કામ રાષ્ટ્રપતિના નામ પર થાય છે. લોકસભા સચિવાલયે વિચાર્યા વગર મનસ્વી રીતે આદેશો જારી કર્યા છે. નવા સંસદ ભવનના ઉદઘાટનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આમંત્રણ ન આપવું એ બંધારણનું ઉલ્લંઘન છે. રાષ્ટ્રપતિ પાસે કારોબારી, કાયદાકીય, ન્યાયિક અને લશ્કરી સત્તાઓ પણ છે.

કોંગ્રેસ સહિત ૨૦ વિરોધ પક્ષોએ ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. વિપક્ષનું કહેવું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને બાયપાસ કરીને વડાપ્રધાન દ્વારા ઉદઘાટન કરવાનો નિર્ણય માત્ર ગંભીર અપમાન જ નથી, પરંતુ તે લોકશાહી પર સીધો હુમલો પણ છે. તે જ સમયે, ભાજપ સહિત ૨૫ પક્ષો ઉદઘાટન સમારોહમાં ભાગ લેશે.

ભાજપ સહિત ૧૭ પક્ષો ભાગ લેશેઃ ભાજપ, શિવસેના (શિંદે જૂથ), શિરોમણિ અકાલી દળ, એનપીપી એનડીપીપી એસકેએમ, જેજેપી આરએલજેપી, આરપી (આઠવલે), અપના દળ (એસ), તમિળ મનિલા કોંગ્રેસ, લોકસભામાં ૬૦.૮૨% (૩૨૮ સભ્ય) અને રાજ્યસભામાં ૪૨.૮૬% (૧૦૨ સભ્ય) વિરોધ કરી રહેલા ૨૦ પક્ષોમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કડગમ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પક્ષ, ઉદ્ધવ ઠાકરેનું શિવસેના જૂથ, ભારતીય સામ્યવાદી પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ ઝારખંડ મુક્તિ મોરચા, કેરલા કોંગ્રેસ (મણિ), વિદુથલાઈ ચિરુથાઈગલ કચ્છી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ,જનતા દળ-યુનાઈટેડ નેશનલ કોન્ફરન્સ, અને એમડીએમકે ઓપનિંગ ઈવેન્ટમાં ભાગ નહીં લે. વિરોધપક્ષો પાસે લોકસભામાં ૨૬.૩૮% (કુલ ૧૪૩ સભ્ય) અને રાજ્યસભામાં ૩૮.૨૩% (૯૧ સભ્ય) પ્રતિનિધિત્વ છે.

આ અગાઉ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ઉદઘાટનનો બહિષ્કાર કરીને ક્ષુદ્ર રાજનીતિ કરી રહ્યા છે. જેડી(એસ)ના પ્રમુખ એચડી દેવગૌડાએ કહ્યું કે નવી સંસદ દેશની સંપત્તિ છે અને તે કરદાતાઓના પૈસાથી બનાવવામાં આવી છે. એટલા માટે તેઓ તેના ઉદઘાટન સમારોહમાં હાજરી આપશે. ગુલામનબી આઝાદે કહ્યું હતું કે જ્યાં સુધી નવા સંસદ ભવન બનાવવાની વાત છે તો એ નવી વાત નથી. ૩૨ વર્ષ પહેલાં કોંગ્રેસની આ જ વિચારસરણી હતી. હવે જો કોઈ એનો બહિષ્કાર કરે અથવા ઉદઘાટન સમારોહમાં ન જાય તો તેમની પાસે એના પર ટિપ્પણી કરવા માટે કંઈ નથી. નવી ઈમારતનું બાંધકામ જરૂરી હતું અને એ હવે થઈ ગયું છે એ સારી વાત છે.

મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનના ઉદઘાટન સમયે લોકસભા અધ્યક્ષની બેઠક પાસે પવિત્ર સેંગોલ (રાજદંડ) સ્થાપિત કરશે. અંગ્રેજો દ્વારા ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ની રાત્રે સત્તાના હસ્તાંતરણ તરીકે પંડિત નહેરુને એ સોંપવામાં આવ્યો હતો. એને ૧૯૬૦ પહેલાં આનંદ ભવનમાં અને ૧૯૭૮થી અલ્હાબાદ મ્યુઝિયમમાં રાખવામાં આવ્યો હતો. હવે ૭૫ વર્ષ પછી રાજદંડ સંસદમાં પ્રવેશશે.

## ઘરકંકાસ દૂર કરવા પરિણીતાએ ઓનલાઈન સંપર્ક કર્યો, નકલી પૂજારીની જાળમાં જબરી ફસાઈ

અમદાવાદઃ સમાજમાં રહેતા અનેક દંપતી એવા છે કે જેઓના દાંપત્ય જીવનમાં કંકાસ થતો હોય છે અને એના કારણે વારંવાર ઘરકંકાસ થતો રહેતો હોય છે. આ ઘરકંકાસથી છૂટકારો મેળવવા માટે કેટલાંક લોકો વિધિ, તાંત્રિક વિધિ, પૂજા પાઠ કે અન્ય કોઈ તુક્કા અપનાવતા હોય છે. પણ ક્યારેક આવું કરવું ભારે પડી જાય છે, કારણ કે કેટલાંક નકલી ભૂવા કે પૂજારી તેઓ સાથે છેતરપિંડી આચરતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે. પોતાના દાંપત્ય જીવનમાં ઘરકંકાસ હોવાથી પરિણીતાએ ગ્રહશાંતિની વિધિ કરવાનું નક્કી કર્યુ હતુ. એટલે તેણે ઓનલાઈન શોધખોળ કરી હતી. વિધિ કરાવવાવાળની ઈન્સ્ટાગ્રામ પર શોધખોળ કરી હતી. જેમાં એક આઈડી પર સંપર્ક થયો હતો. સામેના શખસે વિધિ કરવાની વાત કરીને મહિલા પાસે રુપિયા માગ્યા હતા. જે બાદ મહિલાએ તેના ભાઈ પાસે રુપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આખરે હજારોની મત્તા નકલી પૂજારીએ પડાવી લેતા મહિલાએ પોલીસ ફરિયાદ કરી હતી. જે બાદ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના પોશ વિસ્તારમાં રહેતી મહિલા તેના પતિ અને પરિવાર સાથે રહે છે. પોતાના દાંપત્ય જીવનમાં ઘરકંકાસ થતો હોવાથી તે કંટાળી ગઈ હતી. આ ઘરકંકાસથી છૂટકારો મેળવવા માટે કોઈએ મહિલાને સલાહ આપી કે તે ગ્રહશાંતિની વિધિ કરાવે. જો કે, મહિલા ભણેલી ગણેલી હોવા છતા આ વાતમાં આવી ગઈ હતી. જે બાદ તેણે વિધિ કરાવવાવાળાની ઓનલાઈન શોધખોળ હાથ ધરી હતી. મહિલાએ ઈન્સ્ટાગ્રામ પર વિધિ કરાવવાવાળાને શોધ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર મહિલાને ધ પારસ હોપ નામનું આઈડી મળ્યું હતું અને બાદમાં તેનો સંપર્ક કર્યો હતો.મહિલાને જે આઈડી મળ્યું હતું તેમાં આ પ્રકારની વિધિ કરી આપવાની જાહેરાત હતી. મહિલાએ ફોન પર વાતચીત કર્યા બાદ ગ્રહશાંતિની વિધિ કરવા માટે નક્કી કર્યું હતું. આ માટે સામેના શખસે મહિલા પાસે ઓનલાઈન રુપિયા માગ્યા હતા. જેથી મહિલાએ ઘોડાસરમાં રહેતાં પોતાના પિતરાઈ ભાઈનો સંપર્ક કર્યો હતો અને તેની પાસેથી રુપિયા ૪૯૭૦ માંગ્યા હતા. આ રુપિયા આપ્યા બાદ સામેના છેડાના નકલી પૂજારીએ વધુ રુપિયાની માગણી કરી હતી. મહિલાએ ફરી પોતાના ભાઈ પાસે માગ્યા હતા અને તેણે આપ્યા હતા. આમ પરિણીતાએ કુલ ૪૨૮૮૦ રુપિયા આપ્યા હતા.એ પછી નકલી પૂજારીએ ત્રીજી વખત રુપિયા માગ્યા હતા. જેથી પરિણીતાને શંકા ગઈ હતી. એ પછી પરિણીતાએ આ વાતની જાણ પોતાના પિતરાઈ ભાઈને કરી હતી. જે બાદ તેઓને અહેસાસ થયો હતો કે પોતાની સાથે છેતરપિંડી થઈ છે. પરિણીતા તેના ભાઈ સાથે સાયબર ક્રાઈમમાં પહોંચી હતી અને આખો મામલો સામે આવ્યો કે વિધિ કરવાવાળો કોઈ શખસ છે જ નહીં. બાદમાં આ સમગ્ર મામલે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતમાં ચોમાસુ સામાન્ય અથવા સામાન્યથી ઓછુ રહેશે, હવામાન વિભાગે પૂર્વાનુમાન કર્યું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૬ કાળઝાળ ગરમીમાં શેકાઈ રહેલા લોકો માટે રાહતના સમાચાર છે. કેરળમાં ૪ જૂન સુધીમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે.આઈએમડીએ ચોમાસાને લઈને પૂર્વાનુમાન જાહેર કર્યું છે. જે મુજબ ગુજરાતમાં ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ચોમાસુ સામાન્ય રહેશે. ચાલુ વર્ષે ૯૬ ટકા સરેરાશ વરસાદ વરસી શકે છે. જો કે ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ચોમાસુ સામાન્યથી થોડુ ઓછું રહી શકે છે. અલ નીનોની અસર છતાં હવામાન વિભાગે ચોમાસુ સામાન્ય રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે હીટ વેવનું પ્રમાણ ઓછું રહ્યું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું. દક્ષિણ રાજ્યોમાં ચોમાસાનું આગમન ગત વર્ષે ૨૯ મેએ, ૨૦૨૧માં ત્રીજી જૂને અને ૨૦૨૦માં એક જૂને થયું હતું. કેરળમાં ચોમાસાની શરૂઆત દ્વારા ભારતમાં દક્ષિણ-પશ્ચિમમાં ચોમાસાનું આગમન નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસું બેસવામાં લગભગ ૭ દિવસનો વિલંબ અથવા વહેલું આવતું હોય છે. આ વર્ષે કેરળમાં દક્ષિમ-પશ્ચિમ ચોમાસાના આગમનમાં થોડો વિલંબ થવાની સંભાવના છે. કેરળમાં ૪ જૂને ચોમાસાના આગમનની સંભાવના છે. એક તરફ હવામાન વિભાગે ચોમાસાને લઈને પૂર્વાનુમાન કર્યુ છે. બીજી તરફ ગુજરાતમાં ગરમીથી આંશિક રાહત મળશે. રાજયમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિલ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૮ અને ૨૯ મે એ ગુજરાતમાં વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની વરસી શકે છે. પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠામાં વરસાદની આગાહી છે. આણંદ, ભરૂચ, અમરેલી, રાજકોટ, ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. રાજયમાં ભારે પવન ફુંકાવાની શક્યતા છે. જેના પગલે આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

## જામનગરમાં લઘુ ઉદ્યોગમાં કામ અપાવવાના નામે છેતરપિંડી, ઘરબેઠા કામ કરી પૈસા કમાવો કહી ૬૦૦ મહિલા સાથે કરી ઠગાઈ

(એ.આર.એલ),જામનગર,તા.૨૬ આઝાદ ફાઉન્ડેશન NGO દ્વારા લઘુ ઉદ્યોગથી ઘરબેઠા કામ કરી પૈસા કમાવવાની લાલચ આપી અનેક જિલ્લાની ૬૦૦ થી વધુ ગૃહિણીઓ સાથે છેતરપીંડી કરનાર શખ્સને પોલીસે દબોચી લીધો છે. વધુમાં જામનગર સીટી સી ડિવિઝન પોલીસ ચોપડે ચડેલ આ આરોપી ૨૦૧૪ થી એટલે કે સાત વર્ષની સજા પડી હતી. છતાં કોર્ટમાં ગેરહાજર રહેતો હતો જેને પકડી પાડવામાં સાયબર ક્રાઈમ પોલીસને સફળતા મળી છે. સોશિયલ મીડિયામા છેતરપીંડીના નિતનવા કિસ્સાઓ સામે આવતા હોય છે. ત્યારે લઘુ ઉધોગકુટીર ઉધોગમાં ઘરબેઠા કામ કરી પૈસા કમાઓની જાહેરાત આપી ફેક એનજીઓ નામે છેતરપીંડી જેવા ગુના અટકાવવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હતી. જેને લઈએ જામનગરના એક ફરિયાદી ને લઘુ ઉધોગ તથા કુટીર ઉધોગમાં ઘરબેઠા કામ કરી પૈસા કમાઓની ફેશબુક જાહેરાત જોઈ સંપર્કમાં આવેલ અને દર મહીને ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ પગાર મળશે તેવી લાલચ આપી હતી. વધુમાં આગળ જતા ડાયરેક્ટ સંસ્થા સાથે કામ કરી શકશો. તથા મહિલાનું ગૃપ બનાવી મહિલાને સિવણની તથા ગ્રુપ અગરબત્તી તથા ઓર્ગેનિક સાબુ બનાવવાની તથા બ્યુટી પાર્લરની તાલિમ આપવાનો અને ગૃહ ઉદ્યોગ માટે કાચો માલ આપવા સહિતની આંબા આંબલી બતાવી હતી. બાદમાં એક વ્યકિતના મેમ્બરશીપના નામે પાંચસો રૂપિયા રજસ્ટ્રેશન ફી ભરવાનું જણાવી જામનગર, પોરબંદર, દેવભૂમી દ્વારા મોરબી તથા રાજકોટ સહિત ૧૧ ગૃપના મહિલાઓ પાસેથી રૂપિયા ૩.૧૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધાયો હતો. બાદમાં પોલીસે આરોપીના લોકેશનની તપાસ હાથ ધરતા રાજપીપળા, બરોડા, રાજકોટ, ગીર-સોમનાથ, જૂનાગઢ એમ અલગ અલગ સ્થળે આવતા હતા. બાદમાં પોલીસે ટેક્નિકલ ટીમની મદદથી આરોપી મનસુખભાઈ રામાભાઈ જંનકાટ (રહે.રામોલ આર.ટી.ઓ ઓફીસની બાજુમાં આવાસ બ્લીક ન.એ કાર નંબર ૧૫ અમદાવાદ મુળ સમોડા તા.જી.ગીરસોમનાથ)ને પકડી પાડ્યો હતો.

ભારતમાં ૯૬% વરસાદ રહેવાની આગાહી

## મધ્ય ભારતમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ ઓડીસા મહારાષ્ટ્રમાં સામાન્ય ચોમાસુ રહેવાની સંભાવના છે

### આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ સામાન્ય અથવા સામાન્યથી ઓછુ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬ ભારતીય હવામાન વિભાગે આ વર્ષે ચોમાસું સામાન્ય રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે, અલ નીનો કન્ડિશન રહેવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જૂનથી સપ્ટેમ્બર સુધીમાં ૯૬% વરસાદ રહેવાની શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. જોકે, તેમાં ૪% ઉપર-નીચે થવાની શક્યતાઓ પણ વ્યક્ત કરાઈ છે. પાછલા ૫૦ વર્ષના આંકડા પ્રમાણે ૯૬થી ૧૦૪% વચ્ચેનો વરસાદ સામાન્ય માનવામાં આવે છે. ભારતમાં જૂન મહિનામાં ચોમાસાની શરુઆત થતી હોય છે અને ચાર મહિનામાં સરેરાશ ૮૭ સેન્ટિમીટર વરસાદ રહેતો હોય છે.

હવામાન વિભાગે સામાન્ય વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે પરંતુ આ સાથે એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ઉત્તર પશ્ચિમમાં વરસાદ સામાન્ય કરતા નીચે રહેવાની શક્યતાઓ છે. જ્યારે દેશના અન્ય ભાગો જેવા કે ઉત્તરપૂર્વ ભારત, મધ્ય ભારત અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં સામાન્ય ૯૪થી ૧૦૬% વરસાદ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડીએસ પાઈ આ અંગે વાત કરતા જણાવ્યું છે કે, ×સરખા ભાગે વહેંચાયેલો વરસાદ પડે તેને આદર્શ વરસાદ માનવામાં આવે છે, પરંતુ આ રીતે ચોમાસા દરમિયાન થતું નથી. જો યોગ્ય રીતે વહેંચાયેલો વરસાદ થાય તો તેની ખરાબ અસર આ વર્ષે થશે નહીં.

ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડીએસ પાઈ આ અંગે વાત કરતા જણાવ્યું છે કે, ×સરખા ભાગે વહેંચાયેલો વરસાદ પડે તેને આદર્શ વરસાદ માનવામાં આવે છે, પરંતુ આ રીતે ચોમાસા દરમિયાન થતું નથી. જો યોગ્ય રીતે વહેંચાયેલો વરસાદ થાય તો તેની ખરાબ અસર આ વર્ષે થશે નહીં.બીજી તરફ અલનીનોને પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, ચોમાસાની સીઝન દરમિયાન અલનીનો કન્ડિશનનું નિર્માણ થતું હોય છે. જોકે, હવામાન વિભાગ જણાવે છે કે અલનીનો અને ચોમાસાનો એક બીજા સાથે સીધો સંબંધ હોતો નથી. અલનીનો એક હવામાનમાં થતા ફેરફારના કારણે નિર્માણ પામે છે. જેનું નિર્માણ પશ્ચિમી ટ્રોપિકલ પેસિફિક સમુદ્રમાં થાય છે.

દેશના હવામાન વિભાગ દ્વારા અગાઉ કેરળમાં ચોમાસું ૪ જૂને બેસવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. જોકે, સ્થાનિક હવામાન કેન્દ્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કેરળમાં ચોમાસું મોડું બેસે તો પણ જો ચોમાસાની સિસ્ટમ મજબૂત હોય તો તે ગુજરાતમાં નિશ્ચિત સમયે પહોંચી શકે છે.

હવામાન વિભાગે એ પણ જણાવ્યું કે, માર્ચ અને મેમાં પ્રિ-મોનસુન દરમિયાન સારો વરસાદ થયો છે. ૧ માર્ચથી ૨૫મે દરમિયાન ૧૨% કરતા વધારે વરસાદ થયો છે. પ્રિ-મોનસુન સીઝનમાં હીટવેવની અસર ઓછી જોવા મળી રહી છે. જોકે, ગુજરાતમાં ચોમાસું સામાન્ય કરતા નબળું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જે ખેડૂતો માટે ચિંતાનો વિષય છે. ગુજરાત સહિત દેશના ઉત્તરપશ્ચિમ ભાગમાં પણ વરસાદ સામાન્ય કરતા નબળો રહેવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. દેશના ચાર ભાગમાં ચોમાસાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવતી હોય છે જેમાં ગુજરાત મધ્ય ભાગમાં આવે છે અને અહીં મધ્યપ્રદેશ, ઓડિશા સહિતના ભાગોનો પણ સમાવેશ થાય છે અને જ્યાં સામાન્ય કરતા નીચો વરસાદ થવાની સંભાવના છે. અલ નીનોની અસર છતાં હવામાન વિભાગે ચોમાસુ સામાન્ય રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે હીટ વેવનું પ્રમાણ ઓછું રહ્યું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું. દક્ષિણ રાજ્યોમાં ચોમાસાનું આગમન ગત વર્ષે ૨૯ મેએ, ૨૦૨૧માં ત્રીજી જૂને અને ૨૦૨૦માં એક જૂને થયું હતું. કેરળમાં ચોમાસાની શરૂઆત દ્વારા ભારતમાં દક્ષિણ-પશ્ચિમમાં ચોમાસાનું આગમન નક્કી કરવામાં આવે છે.સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસું બેસવામાં લગભગ ૭ દિવસનો વિલંબ અથવા વહેલું આવતું હોય છે. આ વર્ષે કેરળમાં દક્ષિમ-પશ્ચિમ ચોમાસાના આગમનમાં થોડો વિલંબ થવાની સંભાવના છે. કેરળમાં ૪ જૂને ચોમાસાના આગમનની સંભાવના છે. એક તરફ હવામાન વિભાગે ચોમાસાને લઈને પૂર્વાનુંમાન કર્યુ છે. બીજી તરફ ગુજરાતમાં ગરમીથી આંશિક રાહત મળશે. રાજયમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિલ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૮ અને ૨૯ મે એ ગુજરાતમાં વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની વરસી શકે છે. પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠામાં વરસાદની આગાહી છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતા
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વેષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.

તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ 31.5.2023
-: આયોજક :-
લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૭૬૬, ૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

## તંત્રી સ્થાનેથી...

# લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે...

લોકશાહીની બહુ સરસ વ્યાખ્યા છે- લોકો વડે, લોકો માટે અને લોકોથી ચાલતું રાજ્યતંત્ર. પરંતુ હાલની પરિસ્થિતિ અને સરકારની સિસ્ટમને ભરડો લઈ બેઠેલા ભ્રષ્ટાચારને જોતાં વ્યાખ્યા બદલી નાખવી જોઈએ. હવે પછીની વ્યાખ્યા છે - ભ્રષ્ટાચાર વડે, ભ્રષ્ટાચાર માટે અને ભ્રષ્ટાચારથી ચાલતું રાજ્યતંત્ર!! દેશભરમાં શુક્રવારે રૂપિયા બે હજારની ગુલાબી નોટ પાછી ખેંચી લેવાની જાહેરાત થતાંની સાથે જ કાળું નાણું ધોળું કરવા માટેના કીમિયા શરૂ થઈ ગયા છે. વળી, સરકાર માઈ-બાપ આ વખતે જબરી મહેરબાન બની છે. રાતોરાત બદલવાની નથી, પૂરતો ટાઈમ અપાયો છે અને બેંકમાં નોટ બદલાવતી વખતે કોઈ જ આધાર પુરાવાની જરૂર નથી! આ તો કાળા નાણાંને ધોળા કરવાનો જબરો દાવ છે! બેંકમાં લાગેલી લાઈનો જોતાં એવું લાગે છે કે, અહો! મારા દેશમાં આટલા બધા ૨૦૦૦ના નોટધારકો છે? મારા દેશમાં તો ગુલાબી નોટોની જ રેલમછેલ છે ને! ક્યાંય બેકારી કે મોંઘવારી નડતી હોય એવું લાગતું નથી. સોની બજારમાં લોકો ૨૦૦૦ની નોટો લઈને સોના-ચાંદી ખરીદવા ઉમટી પડ્યા છે. જ્વેલરી વેચાણવાળા પણ સોના લઈ જા રે, ચાંદી લઈ જા રે કહેતા લોભામણી જાહેરાતો આપીને લોકોને લલચાવી રહ્યા છે. સમગ્ર દેશમાં બેંકમાં લાંબી લાઈનમાં ઊભેલાઓ શું પોતાના હકની કમાણીના પૈસા લેવા લાઈનમાં ઊભા છે એવું તમે માનો છો? માલેતુજારોના કાળા નાણાંને ધોળા કરવાના ભાગરપે કમિશન લઈને ભાડૂતી લોકો લાઈનમાં ઊભા રહે છે. એક જ માણસ દિવસમાં ૧૦ થી ૧૫ વખત લાઈમાં ઊભો રહી નોટ બદલાવી રહ્યો છે. બેંકમાં તમારા જ પૈસા બદલાવો છો તેના કોઈ આધાર-પુરાવા માંગવામાં નથી આવતા એટલે કાળી કમાણી કરનારાને તો દોડવું હતું ને ઢાળ મળ્યો એવો ઘાટ સર્જાયો છે. બેંકમાં એક વાર સર્વે કરજો, ત્યાં ઊભેલાઓમાં પરસેવાની કમાણી પર ટેક્સ ભરનારો કોઈ નોટ બદલવા આવ્યો છે? લગભગ નહીં જોવા મળે. હા, ગવર્મેન્ટના મલાઈદાર ખાતાંના અધિકારીઓ, જેમની ઉપરની આવક કરોડોમાં હશે તેના સેવકો લાઈનમાં ઊભા હશે! દેશની તમામ બેંકોમાં લોકો જાણે સંગીત ખુરશીની રમત રમતા હોય તેમ નોટ બદલાવી ફરી ફરી લાઈનમાં ઊભા રહે છે. ઘણા લોકો થેલા ભરીને પણ નોટ બદલાવતા જોવા મળી રહ્યા છે! રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની નોટબંધી વખતે આવી અને આટલી છૂટછાટ ન હતી. રાતોરાત નોટબંધી લાગુ પાડવામાં આવી હતી અને રોજના ૪૦૦૦ સુધીની લિમીટ પણ રાખવામાં આવી હતી. આ વખતે એવા કોઈ ફિલ્ટર નથી. જેટલી નોટ બદલાવવી હોય તે બદલાવી શકાય છે અને તે પણ સપ્ટેમ્બર સુધી. આ બધી કયા મોરલાની કળા છે એ બધા જ જાણે છે પણ તેરી ભી ચૂપ અને મેરી ભી ચપ કરી સૌ વહેતી ગંગામાં હાથ, અરે નાહી લેવા પડ્યા છે! પછી તને આવો અવસર નહીં મળે રે લોલ કરી બધા જ બેનંબરી કાળા નાણાંને ધોળું કરાવવા દોડી રહ્યા છે. સરકાર સફાઈ કરી રહ્યા છીએ એવી શેખી મારી કહે છે કે ૨૦૦૦ની મોટી નોટ કેન્સલ કરી કાળા નાણાં પર અંકુશ લાવી રહ્યા છીએ. અરે, માલેતુજારોના કાળા નાણાંને ધોળા બનાવી રહ્યા છો! આ જ ૨૦૦૦ની નોટોના માલિકો તમને ૨૦૨૪ની ચૂંટણીમાં ચંટણી ફંડ આપશે ને! એમને તો ફાયદો કરાવવો જ પડે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ પાસે તો ૨૦૦૦ની નોટ જ નથી. એ બિચારા તો ક્યાંથી ગુલાબી નોટનાં દર્શન કરે? પણ લાઈનમાં ઊભા રહી એજન્ટો આવા લોકો પાસે નોટ બદલાવતા દેખાઈ રહ્યા છે. ભ્રષ્ટાચાર કે અનૈતિકતા મનોવૃત્તિ બનતી જાય છે. એવું નથી કે અત્યારે જ અનૈતિક આચરણ વધી ગયું છે. ઈતિહાસ તપાસો તો લોકોએ દરેક યુગમાં અનૈતિક કાર્યો કર્યાં છે અને અસત્ય અને અધર્મને સાથ આપ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં સામાન્ય જીવનમાં પણ અનૈતિકતાની ઘૂસણખોરી અને સ્વીકાર્યતા ચિંતાજનક છે. હાલ એવી પરિસ્થિતિ છે કે જો સત્તા પર બેઠેલો ભ્રષ્ટાચાર ન કરે તો મૂરખમાં ખપે છે. પ્રામાણિકતાની તો જાણે કોઈ કિંમત નથી. દેવડીએ દંડાય ચોર મૂઠી જારના ને લાખ ખાંડી ખાનારા મહેફિલે મંડાય છે એવી કવિ કરસનદાસ માણેકની પંક્તિઓ હાલના સમયમાં બરાબર લાગુ પડે છે.

# હિમાચલમાં મુશળધાર વરસાદ, ભૂસ્ખલન થતા ૨ લોકોના મોત

(એ.આર.એલ),શિમલા,તા.૨૬

હિમાચલ પ્રદેશમાં વરસાદે લોકોને ગરમીથી રાહત આપી છે. પરંતુ વાવાઝોડાએ તેને મુશ્કેલીમાં મૂકી દીધો છે. તોફાન અને ભૂસ્ખલનને કારણે બે લોકોના મોત થયા છે. રાજ્યભરમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. જાણે ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ગઈકાલે પણ રાજ્યભરમાં વરસાદ ચાલુ રહ્યો હતો. ઉનામાં ઝાડ પડતાં એક યુવકનું મોત થયું હતું, જ્યારે કુલ્લુમાં શેડ પર પથ્થર પડતાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો.

ગત બુધવારે મોડી રાત્રે અને ગુરુવારે વહેલી સવારે ઓરેન્જ એલર્ટ વચ્ચે વાવાઝોડાના કારણે ઉનાના તાહલીવાલમાં એક બાઈક પર ઝાડ પડી ગયું, જેમાં યુવકનું મોત થયું, જ્યારે અન્ય યુવકને ચંદીગઢ રિફર કરવામાં આવ્યો. કુલ્લુના મણિકર્ણમાં પથ્થર પડવાથી એક વ્યક્તિનું મોત થયું છે. વરસાદ અને વાવાઝોડાને કારણે રાજ્યભરમાં અનેક વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો. બીજી તરફ રોહતાંગ, બરલાચા સહિતના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ હતી. ઘણા વિસ્તારોમાં કરાથી સફરજન અને અન્ય ફળોને નુકસાન થયું છે. તે જ સમયે, સિરમૌર, હમીરપુર અને બિલાસરપુરમાં ઘરોની છત ઉડી ગઈ છે. વૃક્ષો અને થાંભલા વાહનો પર પડતા નુકસાન થયું હતું.

હવામાન વિભાગ દ્વારા શુક્રવારે સવારે ૧૦ વાગ્યે એક બુલેટિન જારી કરવામાં આવ્યું છે. બુલેટિન અનુસાર, હમીરપુરના આખરમાં ૨૬ મીમી, કુલ્લુના સેઉબાગમાં ૨૨, કાંગડાના ગુલેરમાં ૧૬ મીમી વરસાદ નોંધાયો છે. આ સિવાય મંડી, કુલ્લુ સહિત કેટલીક જગ્યાએ તોફાન પણ થયું છે. આ સિવાય સિરમૌર, રોહરુ, શિમલા, અની અને બિલાસપુરમાં કરા પડ્યા હતા.

લાહૌલ સ્પીતિ પોલીસના જણાવ્યા અનુસાર, મનાલી લેહ નેશનલ હાઈવે પર સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ સુધી સાંકળોવાળા ૪*૪ અને ૪*૨ વાહનો અને સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી દારચાથી સરચુ સુધીના ટુ વ્હીલર્સને મંજૂરી છે. દારચા-શિંકુલા માર્ગ તમામ પ્રકારના વાહનો માટે બંધ છે અને પાંગી-કિલર હાઈવે કુરચેહાડ ખાતે ભૂસ્ખલન થયો છે અને પાંગી તરફ બંધ છે. કોકસરથી ચત્તારુ સુધીનો કાઝા રોડ (NH-૫૦૫) ૪*૪ વાહનો માટે ખુલ્લો છે અને કોકસરથી ગ્રામ્ફૂ સુધી ૪*૨ વાહનો માટે ખુલ્લો છે અને સુમડોથી લોસર સુધી તમામ પ્રકારના વાહનો માટે ખુલ્લો છે. લોસરથી નાનો વિસ્તાર તમામ પ્રકારના વાહનો માટે બંધ છે.

# ડૉ.સતીનભાઈ દેસાઈ, ગઝલકાર સતીન દેસાઈ-'પરવેઝ', દીપ્તિ 'ગુરૂ'



આવી અનેક ઓળખ ધરાવતા સતીનભાઈ દેસાઈ વિશે એ જાણ હતી કે, એમણે ગુજરાતીમાં પાંચ હજાર ગઝલ, હિન્દી-ઉર્દૂમાં બે હજાર ગઝલ લખી છે. ઉપરાંત બે હજાર ગુજરાતી ગઝલના ઉર્દુ અનુવાદ કર્યા છે. એ બધી સાંભળેલી, જાણેલી વાતથીય વિશેષ જે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે એની આજે વાત કરવી છે.

શ્રી સતીનભાઈ દેસાઈ અને તેમના પત્ની દીપ્તિબહેને બૉસ્ટન આવવાનાં આમંત્રણનો પ્રેમથી સ્વીકાર કર્યો. સતત બે દિવસ બંનેનું સાંનિધ્ય માણવાની, સતીનભાઈને સાંભળવાની જે તક મળી એ આનંદની વાત કરવી છે.




સતીનભાઈને સરસ્વતીદેવીનું વરદાન હોય એમ સમય, સંજોગને અનુલક્ષીને એમના મનમાં તત્ક્ષણ કવિતા કે ગઝલ સ્ફૂરે છે. કોઈ પૂર્વ તૈયારી વગર, હાથમાં કોઈ કાગળ કે નોંધ રાખ્યા વગર એ શ્રોતાને એમની વાતોમાં, કાવ્ય-ગઝલ પ્રસ્તુતિમાં પકડી, જકડી રાખે છે.

સદ્‌નસીબે બૉસ્ટન આવ્યા ત્યારે અહીંની 'અમૃતસભા' (સિનિયર ડે કેર)ના સભ્યોને એમના વક્તવ્યનો લાભ મળ્યો.

વયસ્ક લોકો માટે કાર્યક્રમ યોજ્યો હતો એટલે મોટાભાગે કૃષ્ણભક્તિને અનુલક્ષીને કૃષ્ણકાવ્ય રજૂ કરવાનું આયોજન હતું. 'અમૃત સભા'ના સંચાલકો અને અન્ય સભ્યો હિંદી ભાષી હોવાથી ગઝલ સાંભળવામાં તેમને રસ હતો એવી જાણ થઈ.

કોઈ પૂર્વ તૈયારી વગર સતીનભાઈએ એક કલાક સુધી સ્વરચિત કાવ્યો અને ગઝલ દ્વારા શ્રોતાઓને કૃષ્ણમય બનાવ્યા.

સૌ પ્રથમ તો 'અમૃતસભા'નું નામ 'અમૃતધામ' પ્રયોજીને એનું મહત્વ,એનું મૂલ્ય એટલી ઊંચાઈએ આંકી દીધું. 'અમૃતધામ' શબ્દથી વાતાવરણમાં પવિત્રતાનો પાસ ઉમેરાયો હોય એવી અનુભૂતિ કરાવી.

ત્યારબાદ સંચાલક બહેનોનાં નામ 'સ'થી શરૂ થતાં હોવાનું ધ્યાનમાં આવતા શ્રીકૃષ્ણના સુદર્શન સાથે એ ત્રણે સંચાલક બહેનોનાં નામ સાંકળીને જે શરૂઆત કરી એનાથી જ સૌએ અજબ આત્મિયતા અનુભવી. ત્યારબાદ સતીનભાઈ એક પછી એક કાવ્ય, ગઝલની પ્રસ્તુતિ કરતા રહ્યા. એનાં લીધે જે માહોલ બંધાયો, એમાંથી, એ માહોલનાં વશીકરણમાંથી કાર્યક્રમના સમાપન બાદ બહાર આવવાનું, છૂટા પડવાનું સૌ માટે મુશ્કેલ હતું.

સતીનભાઈની એક બીજી ખૂબીની વાત કરવી છે. જેમ સમય, સંજોગને અનુલક્ષીને એ જ ક્ષણે કવિતા કે ગઝલ રચે છે એમ વ્યક્તિને અનુલક્ષીને પણ એ જ ક્ષણે એમના મનમાં શબ્દો સ્ફૂરે છે અને પદ્ય રચાય છે. જેમ સંચાલક બહેનોનાં નામ પરથી કાવ્ય રચ્યું એમ 'અમૃતસભા'માં ઉપસ્થિત જસુમતીબહેનને ઉદ્દેશીને કૃષ્ણ અને જશોદાના પ્રેમભાવને વ્યકત કરતી કવિતા રચીને જાણે સ્વયં કૃષ્ણ ભાવે રંગાયા.

मै तडप रहा था बरसो से, तरस रहा था मै बरसो से उसकी आगोशे,<br>
तो आज मै जिस की आगोशे तरस रहा था,<br>
जसुमती मा आज यहां यसोदा स्वरुप है,<br>
और मैं कहेता हुं कि मा से दुनिया का हर ज्ञान पाना है,<br>
मा का दिल हर किताबखाना है,<br>
देवकी रुप मा जशोदा का, मुझ को भी कृष्ण बनकर आना है,

એ કાર્યક્રમ પૂરો થયો ત્યારે ત્યાં ઉપસ્થિત સભ્યો સતીનભાઈના ભાવવિશ્વ સાથે સીધા જ સંકળાઈ ગયા હોય એવી અનુભૂતિમાં હતા.

આ તો થઈ એક અનાયાસે ગોઠવાઈ ગયેલા અને અત્યંત સફળ રહેલા કાર્યક્રમની વાત. એક અંગત અનુભવની વાત પણ કરવી છે.

સવારનો સમય હતો. ઘરના 'ડાઈનિંગ ટેબલ' પર બેઠાં સૌ ચા પીતાં હતાં. અમારા ઘરના 'ડાઈનિંગ રૂમ'ની ભીંત પર કોઈ જ્ઞાનવૃક્ષનો એક ભાગ હોય એવું એક ચિત્ર અને ચિત્રની નીચે ધ્યાન મુદ્રામાં બેઠેલી સ્ત્રીની પ્રતિમા છે. બે ક્ષણ એ ચિત્ર અને પ્રતિમા સામે જોઈને સતીનભાઈને શબ્દો સ્ફૂર્યાપ

"અચાનક ક્યાંથી આવ્યો હું સમાધિનાં સ્થળે,<br>
કે મારામાં એ સઘળું આપમેળ ઝળહળે."

આ એક ઝલક માત્ર છે..ગઝલના જાણકાર મિત્રો કહે છે કે, છંદ, માત્રામેળ, મીટર, કાફિયા કે શેરિયત પ્રમાણે ગઝલ લખવામાં સમય લાગે છે. સતીનભાઈ ગઝલ રજૂ કરે છે ત્યારે એ સઘળું આપોઆપ ગોઠવાઈ જતું હોય એમ લાગે.

શ્રી સતીનભાઈ દેસાઈના પત્ની દીપ્તિબહેન અત્યંત સૌમ્ય,મૃદુ અને મિતભાષી વ્યક્તિ છે.

બંનેની પ્રકૃતિ સાવ ભિન્ન છે. સતીનભાઈની પ્રકૃતિમાં જોશ છે, દીપ્તિબહેનની પ્રકૃતિ શાંત છે. કહે છે ને કે, Opposite poles attract each other. એટલે જ લાંબા અરસા સુધી એકમેકથી દૂર રહ્યાં છતાં મનથી, આત્માથી બંને એકબીજાં સાથે જોડાયેલાં જ રહ્યાં. જ્યારે સતીનભાઈ અને દીપ્તિબહેન, બંનેને સાથે જોઈએ ત્યારે સમજાય કે, શાંત, સૌમ્ય દીપ્તિબહેન જ સતીનભાઈની અસ્ખલિત ઊર્જા છે.

**આલેખનઃરાજુલ કૌશિક**

### ૨૦૦૦ની નોટ મામલે હવે સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી

# આરબીઆઈ પાસે ૨૦૦૦ની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની સત્તા નથી અરજદાર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬

દિલ્હી હાઈકોર્ટ હવે ચલણમાંથી રૂ. ૨,૦૦૦ની નોટો પાછી ખેંચી લેવાના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના નિર્ણયને પડકારતી આઈપીએલની સોમવારે સુનાવણી કરશે. આરબીઆઈના વકીલે આજે કોક્ટને જણાવ્યું કે આ પ્રકારની એક અન્ય અરજી પર સુનાવણી થઈ છે, જેમાં કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખી લીધો હતો. એટલે તે સોમવારે આ મામલાની લિસ્ટિંગ ઈચ્છે છે. કોર્ટે આ સાંભળીને મામલાને સોમવાર માટે લિસ્ટ કરી દીધો.

આ પીઆઈએલ એડવોકેટ રજનીશ ભાસ્કર ગુપ્તાએ દાખલ કરી છે. તેમણે પોતાની અરજીમાં કહ્યું છે કે આરબીઆઈ પાસે આવો નિર્ણય લેવા માટે આરબીઆઈ એક્ટ હેઠળ કોઈ સ્વતંત્ર સત્તા નથી. બીજી તરફ, આરબીઆઈ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પરાગ ત્રિપાઠીએ કહ્યું કે આરબીઆઈનો તાજેતરનો નિર્ણય નોટબંધી નથી અને તે માત્ર કરન્સી મેનેજમેન્ટની કવાયત છે. તેમણે સૂચન કર્યું કે કેસની સુનાવણી આગળ ધપાવવામાં આવે. મુખ્ય ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા અને જે સુબ્રમણ્યમ પ્રસાદની બેન્ચે પણ કહ્યું કે તેઓ સોમવારે ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયની અરજી પર ચુકાદો સંભળાવશે. બીજેપી નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે રિઝર્વ બેંક અને સ્ટેટ બેંકના દસ્તાવેજો વગર નોટો બદલવાના આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. તેઓએ કોઈપણ ઓળખ પુરાવા વિના ૨૦૦૦ની નોટો બદલવાની મંજૂરી ન આપવાની માગ કરી છે. મંગળવારે એટલે કે ૨૩ મેના રોજ કોર્ટે આ અંગે સુનાવણી કર્યા બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ગુપ્તાએ પોતાની અરજીમાં શું કહ્યું છે કે આરબીઆઈ પાસે આવો નિર્ણય લેવાની આરબીઆઈ એક્ટ હેઠળ કોઈ સ્વતંત્ર સત્તા નથી.માત્ર ૪-૫ વર્ષ સર્ક્યુલેશન પછી નોટ પાછી ખેંચવાનો નિર્ણય અન્યાયી અને મનસ્વી છે. ક્લીન નોટ પોલિસીમાં આરબીઆઈ નકલી અથવા ગંદી નોટોનો નાશ કરે છે, પરંતુ ૨૦૦૦ રૂપિયાના કિસ્સામાં આવું નથી થઈ રહ્યું.આરબીઆઈએ ૧૯ મેના રોજ ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. ત્રણ દિવસ પછી એટલે કે ૨૩ મેથી દેશભરની બેંકોમાં આ નોટ બદલવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. લોકો નોટો બદલવા માટે બેંકોમાં પહોંચી રહ્યા છે. આરબીઆઈએ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૨૦૦૦ની નોટ બદલવા અથવા ખાતામાં જમા કરાવવા માટે કહ્યું છે.રિઝર્વ બેંકે તેમના પરિપત્રમાં કહ્યું છે કે તે ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેશે, પરંતુ હાલની નોટો અમાન્ય રહેશે નહીં. આરબીઆઈએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંકે આ નિર્ણય 'ક્લીન નોટ પોલિસી' હેઠળ લીધો છે. લોકો કોઈપણ બેંકમાં એક સમયે ૧૦ નોટ બદલી શકે છે, જ્યારે જમા કરાવવાની કોઈ મર્યાદા નથી. ૨ હજારની નોટ નવેમ્બર ૨૦૧૬માં બજારમાં આવી હતી. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરી દીધી હતી. તેના બદલે નવી પેટર્નમાં ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટ બહાર પાડવામાં આવી હતી. જ્યારે અન્ય મૂલ્યોની નોટો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થઈ, ત્યારે ૨૦૧૮-૧૯માં ૨૦૦૦ની નોટોનું પ્રિન્ટિંગ બંધ કરવામાં આવ્યું હતું.


# ૩૦ એકરમાં ૨૦૦ કરોડના ખર્ચે નિરાધાર, પથારીવશ માવતરો માટે સદભાવના વૃદ્ધાશ્રમનું નવું ભવન

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં) માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિ:શુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિ:સહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ : (રાજકોટ ઉપરના) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે.દેશના કોઈ પણ ખૂણે નિરાધાર વૃદ્ધ લાચાર, પથારિવશ વૃદ્ધોને હવે આગામી સમયમાં રાજકોટ ખાતે આશરો મળવાની સાથે યોગ્ય સારવાર પણ મળી રહેશે. રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દેશનો સૌથી મોટો વૃદ્ધાશ્રમ બનશે. જેમાં ૭૦૦ રૂમ બનાવવામાં આવશે. આવા વડીલોને આશરો મળવાની સાથે સાથે તેની સારવાર પણ વિનામૂલ્યે કરવામાં આવશે. એકસાથે ૨૧૦૦ વડીલોને આશરો આપવામાં આવશે. સદભાવના વૃદ્ધાશ્રમના સંચાલકો જણાવે છે કે આખો પ્રોજેક્ટ કુલ રુ.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. કુલ ૭ ટાવર હશે. અત્યારે પણ હાલ જે આશ્રમ છે તેમા ૫૦૦ વડીલોને આશરો આપવામાં આવી રહ્યો છે. આ આશ્રમમાં એવા જ વડીલોને આશરો અપાશે કે જે નિરાધાર છે જેને કોઈ સંતાન નથી તેમજ તેઓ લાચાર છે.

અહી આશરો લેતા વડીલોનું સન્માન જળવાઈ રહે તે માટે એક નવો જ અભિયાન રાખ્યો છે. જેના માટે કહીએ છીએ કે, અમારે માવતર જોઈએ છે,રવિવારે આ વૃદ્ધાશ્રમનું ભૂમિપૂજન છે. જેમાં મોરારિબાપુ સહિતના સંતો-મહંતો હાજર રહેશે.સદભાવના વૃદ્ધાશ્રમનું નાનકડું સેવા વિચારબીજ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે. સંવેદનાના સિચનઠિ હવે એ વટવૃક્ષમાંથી ભર્યુંભાદર્યું વૃંદાવન બનાવવાનું આ અભિયાન છે. સેવા યજ્ઞની વિશાળ વેદીને આકાર આપતી ઘટનાની ઘડી એટલે 'સદભાવના વૃદ્ધાશ્રમ' ના નવનિર્માણની ભૂમિનું પવિત્રીકરણ કરવાનો મંગળ અવસર. તારીખ : ૨૮-૦૫-૨૦૨૩ અને રવિવારના દિવસે, સવારે ૦૮:૩૦ વાગ્યાના શુભ સમયે. સદભાવના વૃદ્ધાશ્રમ (રાજકોટ જામનગર હાઈ-વે,રામપર,રાજકોટ)ના અલોકિક સંકૂલનું ભૂમિપૂજન નિર્ધારવામાં આવ્યું છે. આ કલ્યાણકારી પ્રસંગે સૌને ઉપસ્થિત રહીને સેવાયજ્ઞના સાક્ષી અને સહયોગી બનવા જાહેર આમંત્રણ પાઠવાયુ છે. સાથમાં સાંસ્કૃતિક કાર્યક્રમપણ યોજાશે. ભૂમિપૂજન અવસર પછી ઉપસ્થિત રહેનાર સૌ માટે ભોજન પ્રસાદ ની વયસ્થા પણ કરાઈ છે. રાજકોટ જામનગર હાઈ-વે,રામપર,રાજકોટ ખાતે આ સમારોહ યોજાશે. સદભાવના વૃદ્ધાશ્રમમાં અત્યારે ૫૦૦ વડીલો છે. તેમજ દર મહિને ૧૦૦ જેટલા વડીલો પ્રવેશ માટે આવી રહ્યા છે. જે રીતે પ્રવેશ મેળવનારણી સંખ્યા વધારે છે. તેને ધ્યાનમાં રાખીને આ વૃદ્ધાશ્રમ તૈયાર કરવાનો વિચાર આવ્યો છે અને તેની અમલવારી કરી છે. વડીલોને તમામ સુવિધાઓ વૃદ્ધાશ્રમમાં મળી રહેશે.

જૈન સમાજના વડીલોને જૈન ભોજન મળી રહે તેને કોઈ મુશ્કેલિના પડે ટે માટે કુલ ૭ ટાવર માંથી એક ટાવર માત્ર જૈન સમાજ માટે જ રાખવામાં આવશે. જ્યાં જૈન સમાજના જ વડીલોને આશરો આપવામાં આવશે. આ ઉપરાંત તેમા દેરાસર પણ બનાવવામાં આવશે. જેથી કરીને વડીલોની સુવિધા માં વધારો થાય. સંચાલકોનાં જણાવ્યાનુસાર સામાન્ય રીતે જૈન સમાજના વડીલોની જીવનશૈલીને ધ્યાનમાં રાખીને આ પ્રકારની વયસ્થા ઊભી કરવાનો વિચાર આવ્યો છે. વયસ્થા તમામ લોકો એક પરિવારની જેમ રહી શકશે તેમ સંચાલકે જણાવ્યું છે.

સદભાવના વૃદ્ધાશ્રમનું ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. અત્યાર સુધીમાં ગુજરાતનાં ૧૦ જિલ્લાઓમાં ૨૦ લાખ વૃક્ષોનું વાવેતર અને જતન પણ થઇ ગયો છે. આગામી વર્ષોમાં સમગ્ર ગુજરાતમાં ૨૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો ઉછેર પણ કરવામાં આવશે. ગુગલ મેપમાંથી કોઈ વિદેશમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ (ગ્રીન ગુજરાત) દેખાય એ સદભાવના વૃદ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે. સાથોસાથ તેના જતનની પણ તકેદારી લેવામાં આવશે. જેને ખૂબ ટૂંકા સમયમાં ૨૦,૦૦,૦૦૦ વૃક્ષો વિનામૂલ્યે પીજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યું છે, મિયાવાકી જંગલ સ્વરૂપે કરાયું છે. વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કર્યું છે. વૃક્ષો વાવવા સહેલા છે. પણ તેની માવજત કરવી અઘરી છે. જ્યારે આ સંસ્થા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. સદભાવના વૃધ્ધાશ્રમનું 'ધ ગ્રીન મૈન' તરીકે જાણીતા વિજયભાઈ ડોબરીયા સફળ રીતે સુકાન સંભાળી રહયા છે. તેઓએ વડીલોની અને પર્યાવરણની બન્નેની સેવા કરવાના સંકલ્પ સાથે નાની એવી સંસ્થા શરૂ કરી હતી જે આજે ભગીરથ કાર્યોથી વટવૃક્ષ બનીને લોકપ્રિય બની છે. વિજયભાઈ ડોબરીયાનાં માર્ગદર્શન હેઠળ સદભાવના વૃધ્ધાશ્રમની ટીમ વૃક્ષારોપણની કામગીરી પુરજોશમાં કરી રહી છે. સંસ્થા હાલ ૨૫૦ ટ્રેક્ટર, ૨૫૦ ટેક્રર વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી ૭૦૦ લોકોનો પગારદાર સ્ટાફ આ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન પાછળ અંદાજીત બાવન કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે માટે રાજ્ય સરકારે 'ધ ગ્રીન મેન' વિજયભાઈ ડોબરીયાનું 'વન પંડીત' એવોર્ડથી સન્માન પણ કર્યુ હતું. રાજકોટ શહેરમાં જુદા-જુદા અનેક રસ્તાઓ પર વૃક્ષારોપણ કરીને રળીયામણા કરવામાં આવ્યા બાદ હવે સદભાવના વૃધ્ધાશ્રમ તરફથી આ વર્ષે રાજકોટને જોડતા હાઈ-વે પર વૃક્ષારોપણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટથી મોરબી ૬૦ કિમીના રસ્તાની બંને સાઈડ ઉપર આ વર્ષે વૃક્ષારોપણનું કામ શરૂ થયું છે. તે જ રીતે હવે રાજકોટથી ભાવનગર સુધી ૧૭૦ કિ.મી.ના હાઈવે ઉપર વૃક્ષારોપણ થઈ ગયું છે. એક સમયે આ હાઈ વે વૃક્ષોથી રળીયામણાં હતા, પરંતુ ફોરટ્રેક અને સિક્સટ્રેક થતાં વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે. તેથી ફરીને આ હાઈ-વે હરીયાળા કરવાનું અભિયાન સ્વૈચ્છિક રીતે, માત્ર પર્યાવરણની સેવાની ભાવનાથી હાથ ઘરવામાં આવ્યું હોવાનુ જણાવી આ અભિયાનનાં સુત્રધાર વિજયભાઈ ડોબરીયાએ જણાવ્યું હતું કે રાજકોટમાં અમે ૭૧ હજાર પરીવારોનાં ઘર આંગણે વૃક્ષો ઉછેર્યા છે. જેમાં ૨ લાખ જેટલા વૃક્ષો વવાઈ ચુક્યા છે અને તેનું જતન પણ થઈ ચુક્યું છે. જામનગર શહેરમાં પણ વૃક્ષારોપણનું કામ આગળ વધાર્યું છે. સુરતમાં પણ ૬૦ હજાર વૃક્ષો વવાય ચુક્યા છે અને તેનું જતન પણ કરવામાં આવી રહ્યું છે. લોખંડના પીજરા સામે વૃક્ષોનું સલામત રીતે આરોપણ કરવામાં આવ્યા બાદ આખુ વર્ષ ટેક્રર ભાડે રાખી તેને પાણી પીવડાવવામાં આવે છે. કોઈ કારણથી રોપાને નુકસાન થયું હોય તેની જગ્યાએ બીજા રોપાનું વાવેતર કાર્યકરો કરી આપે છે.પડધરી તાલુકાની તમામ સરકારી ખરાબાની જમીન અને જાહેર સ્થળોએ ૨ લાખ ૮૭ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું જણાવી તેઓએ ઉમેર્યું હતું કે એક સમયે અહીં ગાંડા બાવળ ઉભા હતા, પરંતુ આજે હરીયાળા વૃક્ષો કતારબંધ જોવા મળે છે. લીલાછમ વૃક્ષોથી શોભતા માર્ગો જેમ શહેરની અલગ ઓળખ ઉભી કરી રહ્યાં છે તેમ સૌરાષ્ટ્રને જોડતા હાઈવે પણ હરીયાળી થકી કાઠીયાવાડની પ્રાકૃતિક શોભામાં વધારો કરશે.



સંસ્થાએ એક અનોખી પ્રવૃત્તિનો આરંભ કરીને, તદ્દન નવો ચીલો ચાતર્યો છે. એ પ્રવૃત્તિ એટલે 'બળદ આશ્રમ' એટલે કે બળદો માટેનો આશ્રમ. ગૌવંશનું હિત જોનારી આપણી સંસ્કૃતિમાં ગાયોની માવજત, સારવાર અને સેવા તો સહુ કરે છે. પણ બળદો પ્રત્યે સમાજમાં સંપૂર્ણપણે દુર્લક્ષ્ય સેવાતું જોવા મળ્યું છે. ત્યારે સંસ્થા દ્વારા ખાસ નોધારા, અશક્ત અને બીમાર બળદો માટે 'બળદ આશ્રમ' બનાવવાની પહેલ કરવામાં આવી. સંસ્થાના આ નવા પરિમાણથી, આજ સુધી તરછોડાયેલી સ્થિતિ પામેલા ગૌવંશના અબોલ જીવને બચાવવાની ખેવના સાકાર થઇ રહી છે. સંસ્થાનાં આ નવતર પ્રયાસ થકી અત્યારે ૭૦૦ જેટલા બળદો સંસ્થાના આશ્રિત છે. જ્યારે સંસ્થાનું લક્ષ્ય ૧૦,૦૦૦ બળદોને આશરો આપવાનું છે.

શહેરોમાં જ જંગલોનું નિર્માણ કરવાની મિયાવાકી પદ્ધતિ જાપાનનાં વૈજ્ઞાનિક અકીરા મિયાવાકી દ્વારા વિકસાવવામાં આવી છે. જાપાનમાં જમીન ખૂબ ઓછી હોવાથી જંગલ ઉછેરની આ પદ્ધતિ તેમણે વિકસાવી હતી જેનું અનુકરણ આજે સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. આ પદ્ધતિનો ઉદ્દેશ્ય ઓછી જમીનમાં, ઓછા પાણીથી સઘન વનરાજી ઊભી કરવાનો છે. જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી જંગલોનું નિર્માણ કરવા માટે વૃક્ષને છુટાછવાયા વાવવાને બદલે દોઢથી બે ફૂટના અંતરે ઝાડ વાવવામાં આવે છે. ઓછામાં ઓછી ૪×૩ મીટર જગ્યામાં આ થઈ શકે છે. આ પદ્ધતિથી વાવેલા વૃક્ષો બીજા વૃક્ષો કરતા ૩૦ ગણા ઘાટા થાય છે અને ૧૦ ગણા ઝડપી વધે છે. તેને ફક્ત ઉપરથી સૂર્ય પ્રકાશ મળવો જોઈએ અને ૩ વર્ષ માટે નીચે મૂળમાં પાણી મળવું જોઈએ. આ રીતે પર્યાવરણને, પશુ-પક્ષીને તથા તમામ જીવસૃષ્ટિને ઉપયોગી એવું ફળ, ફૂલ અને ઓકિસજન પાર્ક જેવું બની જાય છે. મિયાવાકી પદ્ધતિથી વૃક્ષ વાવ્યા પછી એકવાર મૂળિયાં સ્થપાઈ ગયા બાદ, જંગલનું ઉપર તરફ વધવાનું શરૂ થઇ જાય છે ત્યારબાદ બે થી ત્રણ વર્ષ સુધી પાણી આપતા રહેવું પડે છે. તે દરમિયાન ઉગી નીકળેલા નકામાં ઘાસને કાઢી નાખવામાં આવે છે જેથી વૃક્ષોનાં વિકાસમાં અવરોધ પેદા ન થાય. જેમ-જેમ જંગલ વધતું જાય છે તેમ-તેમ સુર્યપ્રકાશ રોકાતો જાય છે. અંતે જંગલ એટલું ઘટ્ટ બની જાય છે કે સૂર્યપ્રકાશ જમીન સુધી પહોંચી શકતો નથી અને નકામું ઘાસ ઉગવાનું બંધ થઈ જાય છે. આ સ્તરે જંગલ પાણીનાં દરેક ટીપાનું સંરક્ષણ કરે છે અને તેને વરાળ બનીને વાતાવરણમાં ભળતા અટકાવે છે તથા ભેજવાળી હવાનું સંઘનન કરીને ભેજ પાછો મેળવે છે. ધીરે-ધીરે આ વૃક્ષોને પાણી આપવાનું ઓછુ કરીને અંતે બંધ કરી દેવામાં આવે છે. પાણી વગર પણ જંગલનું તળિયું ભેજવાળું રહે છે.

જ્યારે પાંદડા જંગલની જમીન પર પડે છે ત્યારે તરત જ સડવા માંડે છે. આ સડેલો જૈવિક કચરો ખાતર બનીને જંગલને ખોરાક પૂરો પાડે છે. જેમ જંગલ વધતું જાય છે, તેમ વધુને વધુ પાંદડાઓ ખાતર બને છે અને જંગલનો વિકાસ ઝડપી બને છે અને જંગલ પોતાની જાતે જ વધતું જાય છે. જો વૃક્ષોને અલગ-અલગ રીતે વાવવામાં આવે તો તે આટલી જલ્દી વધી શકતા નથી. આમ આ જંગલનાં વૃક્ષો સામૂહિક રીતે એક બીજાનો સાથ આપીને કુટુંબની જેમ આગળ વધે છે અને જોત જોતામાં ૧૦૦ વર્ષે બનતું જંગલ ૧૦ વર્ષમાં તૈયાર થઇ જાય છે. વર્તમાન સમયમાં રાજકોટનાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી આ દિશામાં ખૂબ સારું કાર્ય કરી રહયું છે જેમાં સાથે દાતા પરીવારોનો સહયોગ અને સદભાવના વૃદ્ધાશ્રમ સ્ટાફ મિત્રોનો સહયોગ રહ્યો છે. રાજકોટ, જામનગર, મોરબી રોડ, ભાવનગર રોડ, પાલીતાણા સુધી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વવાયેલા અઢળક વૃક્ષો તેમજ ૧૦૦ જેટલાં મિયાવાકી જંગલો જોવા મળે છે.

NEWS OF GANDHINAGAR_P-2

NEWS OF GANDHINAGAR_P-3

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No: 151
વિષય - તરવરાટ
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક -પ્યારે તૈયાર થા.

જોમ ને તરવરાટ સાથે તૈયાર થા,
ઉઠ, સવાર થઈ કામ માટે તૈયાર થા.
દિનચર્યા રોજની એની એ જ છે,
જિંદગીની મોજ કાજે તૈયાર થા.
એકલાનો હાઉ મોટો દુશ્મન છે,
નભ નક્ષત્ર, લાલાશ દિપે તૈયાર થા.
જિંદગી અણમોલ છે જીવી જાણ ને!,
થનગનીને તું'ય! સંગે તૈયાર થા.
મનચલી ના હોય તો ચુમી લે હૃદય,
જાતને ચાહી ને પ્યારે તૈયાર થા.

અનિલ દવે. ('અનુ')

---

Nog ss no/0044
વિષય:- તરવરાટ
શબ્દ- ૨૨
શીર્ષક - પ્રેમરસ

પ્રથમ મિલનનાં સપનાં જોતી કવિતા પ્રેમરસમાં તરબતર થવાને બદલે શયનકક્ષમાં પધારેલ વ્યક્તિને જોઈ ત્યાંથી વીરાંગનાની જેમ ચિત્કાર કરતી બહાર નીકળી ગઈ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NGO SS no 143.
શબ્દ:-તરવરાટ.
શબ્દ સંખ્યા:-૨૦૭.
પ્રકાર:-પદ્ય (વાર્તા)
શીર્ષક:-યૌવનનો તરવરાટ.
નયના ઠક્કર (પ્યાસી) વડોદરા.

આજે આથમતી સાંજે એકલતા અનુભવતી માર્ગી,ડાયરીનાં પાનાં ઉથલાવતાં પિયુની યાદોનો પટારો ખોલી બેઠી. મિલનની પળોનાં મધુર સંવેદનોને,શબ્દોને ડાયરી માં કંડારી રાખ્યાં હતાં.

કલમ અને કાગળનાં સહારે સોનેરી ક્ષણોને ડાયરીમાં કેદ કરી હતી.

ચોકલેટ ભરી મિલનની પળોને મમળાવતી,મંદમંદ મુસ્કાન સાથે વાંચતાં વાંચતાં ભાવિ જીવનનાં સોણલાં સજાવતી, કલ્પનાઓમાં સરી પડે છે.

કથનનાં પ્રણયસભર શબ્દોને આલિંગન આપતી
ધન્યતા અનુભવતી સ્વગત વિચારે છે,

'પ્રિયે!તારા શબ્દો હજી મારા માનસપટલ પર છવાયા છે,ક્યારે આવીશ અને તારા આ શબ્દોને સાર્થક કરીશ?બે વર્ષ બે ભવ સમાન લાગ્યા છે પણ આ શબ્દો મને જીવવાનું બળ આપે છે.કેલેન્ડરમાં રોજ દિવસો ગણું છું.હવે તો વિરહની કાળી અમાસ પુરી થશે અને સહવાસનો સૂરજ ઉગશે.આપણાં લગ્નને લગીર છેટું છે પછી તો તું ને હું.આપણી વચ્ચે માત્ર પ્રણય!'

કલ્પનાનાં અશ્વ પર સવાર થયેલી બેખબર માર્ગી દૂર આવી ઉભેલા નાના ભાઈનો રડમસ સાદ સાંભળવાને અસમર્થ હતી.આખરે કારમી ચીસથી એ તંદ્રામુક્ત થઈ. 'ચાલ દીદી,તારો વ્હાલમ નથી આવવાનો,એ બેવફા પરદેશી પંખીડાએ એની પ્રીતનો સોદો બીજે કરી લીધો છે.તને પ્રણયનું આકાશ આપી,તારી પાંખો કાપી લીધી છે.

ચાલ બહેના ચાલ.'

ભાઈનાં શબ્દો સાંભળી માર્ગીનાં સેવેલા સપનાંઓ બાષ્પીભવન થઈ ગયાં, પ્રેમની લાગણી ઘવાઈ ગઈ,દિલની દુનિયા વેરાન થઈ ગઈ,વદન ઉદાસીનું અત્તર છંટાઈ ગયું.ગીતોનો ગણગણાટ,વિચારોનો કલબલાટ,ખુશીનો થનગનાટ અને યૌવનનો તરવરાટ શમી ગયો.

(મારી સ્વરચિત રચના)
નયના ઠક્કર,
(પ્યાસી)વડોદરા.

---

NOG SS NO 140
શબ્દ: તરવરાટ
શીર્ષક: થનગનાટ
શબ્દ : ૪૫
પ્રકાર : હાઈકૂ
લેખક: હેમા ત્રિવેદી

તરવરાટ
દેખાય માછલીનો
સરોવરમાં.
જોમ ભરેલો
જવાન સરહદે
માભોમ કાજે.
તરવરાટ
પ્રેમીની નજરમાં
ઢૂંઢે માશૂકા.
તરવરાટ
ઝંકૃત પાયલમાં
નર્તકી નૃત્યે.
તરવરાટ
કૃષ્ણ મિલન કાજે
રાધા હૃદયે.
સુદામા જોઈ
કૃષ્ણ દોડે ભેટવા
મહેલ દ્વારે.
તરવરાટ
સ્પર્ધક મનમાં
લક્ષ્ય પામવા.
તરવરાટ
કહો કે મનમસ્તી
ઉત્સાહ પ્રેરે.

# લોકસભા ચૂંટણી માટે દસ બાર દિવ્ય દરબારોનું સનાતની લોકાર્પણ

મતદારોની ધાર્મિક ભાવનાઓને ધગાવી, ઉકાળી, ઉન્માદ પ્રસરાવીને જીવન જરૂરી સમસ્યાઓ ભૂલાવીને ચૂંટણી જીતવાની સફળતાને પગલે દેશવમાં લોકજુવાળ ઊભો કરવામાં સફળ કેસરીયા બાબાઓના મોટા શહેરોમાં સનાતની દરબાર ભરવાનો દસ દિવસીય કાર્યક્રમોનો ગુજરાતમાં પ્રારંભ થયો છે. માધ્યમોના સુત્રો મુજબ કેસરીયા દરબારના સુરતના આયોજકે જણાવ્યા મુજબ ભાજપવાળા સનાતની છે (ભાજપમાં નથી એ બધા સનાતની નથી ? ) સનાતની બાબા ચમત્કારી બાબા છે પણ ચમત્કાર દેખાડવાના નથી તેવું તેમની કિરણમા એ મીડિયાને જણાવ્યું છે, બાબા ચમત્કારો બતાવવાના નથી, દસ દિવસમાં બાબા સનાતની તરીકે ભાજપ પક્ષના સાથ સહકારથી મોટા શહેરોમાં દરબારો ભરશે, ૨૦૨૪ માં આવનારી લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો મેળવવા ભારત ભરમાં દિવ્ય દરબારનું સળંગ આયોજન કરવામાં આવ્યું હોવાનું સુત્રો જણાવી રહ્યા છે, 'અખંડ ભારત', અને 'હિન્દુ એક હો જાઓ', કેરાલા સ્ટોરી, કાશ્મીર ફાઈલ જેવી ફિલ્મોની સાયકોલોજીકલ મુદાઓ ઉપર ભારતના ધાર્મિક ભાવનાઓમાં વહેતા મતદારોમાં સનાતની અને અખંડ ભારતનુ ઝનુન પેદા કરવામાં આવી રહ્યું છે, ગુજરાત વિધાનસભા ૨૦૨૨ પહેલા ગુરુવંદના કાર્યક્રમો કરવામાં આવેલા, નાના મોટા સાધુ સંતો ને હિન્દુ ધર્મના નામે એકત્ર કરીને મોટા ભાગના જીલ્લાઓમાં ગુરુવંદના ના નામે સંત સંમેલનો કરવામાં આવ્યા હતા, નૌતમ સ્વામી અને ડી.જી. વણઝારાએ આ આયોજનો સફળતાથી પાર પાડેલા જેના ફળરૂપે ભાજપ ૧૫૬ બેઠકોથી જીતીને ગુજરાતની સતા ટકાવી રાખી છે, હાલ ગુજરાતની જનતા ઉપર ૩,૦૦,૦૦૦,૦૦૦,૦૦૦૦ નું દેવું છે, ત્રણ લાખ કરોડનું દેવું છે, સરકારી મફત શિક્ષણ વ્યવસ્થા નેસ્તનાબૂદ કરીને ખાનગી શિક્ષણના ધંધામાં મતદારોને ફી ભરાવીને પીસવામા આવી રહ્યા છે, ગેરકાયદેસર બાંધકામોથી શહેરોમાં પાર્કિંગ અને ટ્રાફિકની કાયમી સમસ્યાઓનો વિકાસ થયો છે, હિન્દુ ધર્મના નામથી ચૂંટાયેલી સરકારના સમયમાં હિન્દુ વ દિકરીઓ ઉપર હિન્દુઓ દ્વારા બળાત્કારોની સંખ્યા વધી રહી છે જેથી કેરાલા સ્ટોરીથી વિધર્મીઓથી સાવધાન રહેવા જાગૃતી પેદા કરવામાં આવે છે, અનાજ, કઠોળ, દુધ , પાણી, દવાઓ, કપડાં, સાબુ સોડા, ગેસ, પેટ્રોલ, ડિઝલ, શિક્ષણ ફી, લાઈટ બીલ, ઘરવપરાશની ચીજ વસ્તુઓના ભાવો અઢી ઘણા વધી ગયા છે, મોંઘવારીમાં ગરીબ અને મધ્યમ વર્ગના મતદારોનું ઘાણી માં પીસાયને તેલ નીકળી રહ્યું છે, તેવા સમયે રાજકીય પક્ષો માટે સનાતની દિવ્ય દરબારોમાં અખંડ ભારતના એકમાત્ર પ્રણેતા એવા બાબાઓનો આધાર અને આશરો છે જેથી ભાજપ રામમંદિર, લવજેહાદ, બાદ સનાતની અખંડ ભારતના નામે રાજકીય માઈલેજ પુરું કરવાના પ્રવાસોનો ગુજરાતમાં પ્રારંભ થયો છે

ગુજરાતીઓ ધર્મના નામે કેવા પાગલ બની જાય છે તે બાબાએ દિવ્ય દર્શન કરીને જાહેર આશિર્વાદ આપ્યા છે કે પાગલો..પાગલો..લટકે રહો.... હિન્દુ ધર્મ માટે ગુજરાતના શિક્ષિતો, બેરોજગારો, ઉદ્યોગપતિઓ, સરકારી અમલદારો કેવા શ્રદ્ધાળુ છે તે ગુજરાતમાં પહેલા દિવસે બાબાએ દર્શન કર્યા... ભાવવિભોર બનીને બાબાએ આશિર્વાદ આપ્યા... પાગલો પાગલો.... જહાં લટકે હો..વહાં લટકતે રહો... (આનો ગુજરાતી અર્થ = મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચારમાં પીસાતા રહો)... બાબા ખરેખર ચમત્કારી છે પહેલીવાર ગુજરાતમાં પગ મૂક્યો ત્યાં. થોડા કલાકોમાં બાબાને સમજાયું કે ગુજરાતીઓનું ધાર્મિક પાગલપન કેવું પ્રબળ છે, અદાણી, માલ્યા, મોદી, પારેખ જેવા દેશપ્રેમીઓ માટે હિન્દુ સરકારે જે આર્શીવાદ આપ્યા છે એ સનાતની ચમત્કાર ગુજરાતમાં જોવા મળે છે, જમીન કૌભાંડ, ખનીજ કૌભાંડ, ગૌચર કૌભાંડમાં ડૂબેલું ગુજરાતીઓનુ પાગલપન જોઇને બાબાના મુખેથી આપોઆપ ઉદગાર નીકળી ગયા...... પાગલો..પાગલો... સ્વયંભૂ સરી પડ્યું ખેડૂતો, બેરોજગારો, રોજમદારો, નાના મધ્યમ વેપારીઓ,ની ૬ કરોડની જનતા પીસાયને પાલીશ થતી જાય છે, ગામડાઓમાં જનતા નિઃસાસા કાઢે છે, કરોડો રૂપિયાની યોજનાઓ ચાલતી હોવા છતાં ક્યાં કોઈ જગ્યાએ પ્રજાને સુખ શાંતિ નથી, એવા સમયે અખંડ ભારતમાં અખંડ ભારતની વાત કરીને, સનાતન ધર્મી બનીને જનતાને માનસિક મલમ પટ્ટો કરી ધાર્મિક ઉન્માદ પેદા કરવો ખુબ જરૂરી છે અને વિધાનસભા ચૂંટણી જીતવા ગુરુ વંદના કરી ચૂકેલા ગુજરાતી બાબાઓ લોકસભા ચૂંટણીમાં દેશભરમાં સફળ થાય કે ના થાય પણ કંગાળ બની ચુકેલી જનતાના કોઈ પણ જાણ્યા અજાણ્યા બાબાના ચમત્કારથી આ સરમુખત્યારશાહીની ઘાણીમાં પીસાવાથી બચવાની આશાએ દોડી રહ્યા છે. ગુજરાતમાં હજારો સંતો મહંતો, બાબાઓ, ભુવાઓ છે એક અલાયદુ મોટું શહેર વસાવી શકાય એટલી વિશાળ સંખ્યામાં ભગવા, કેસરીયા, પીળા, લીલા, મરૂન અને સફેદ પહેરવેશ તથા રંગબેરંગી માળાઓ ધારણ કરનારા બાબાઓની સંખ્યા ઘણી મોટી છે વિધાનસભા ચૂંટણીમાં આ સ્થાનિક બાબાઓના ભાજપે આશિર્વાદ મેળવેલા પણ લોકસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્તરે મેગા સિટીઓમાં જંગી જનમેદની એકઠી કરી શકે તેવા યુવા બાબાઓની જરૂરત હતી તેવા સમયે ભાજપને દિવ્ય બાબા મળી ગયા, દિવ્ય દરબારોને છલકાવી, મીડીયામાં ચમકાવી ને ભાજપે બાબાને રાષ્ટ્રીય સ્ટાર પ્રચારક બનાવી દીધા, આ બાબા હાલ ગુજરાતના પ્રવાસે છે, ભાજપને ધાર્મિક એજન્ડાએ રાજકીય સફળતા આપી છે એટલે ઉતરોતર સફળતા માટે ધાર્મિક પાયા ઉપર ચૂંટણી પ્રચાર ચાલે છે, બાજપેયી સમયમાં અડવાણીની સોમનાથ અયોધ્યા યાત્રાએ મતોના ધ્રુવીકરણ માં સિંહફાળો આપ્યો હતો, બાબરી ધ્વંસ અને ગોધરા ટ્રેન કાંડના બનાવો બાદ હિન્દુ મુસ્લિમ મતદારોના ઝનુની ધ્રુવીકરણની સફળતાએ ભાજપને કેન્દ્ર સરકારની સતા મળી હતી, ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી યોગબાબા સ્વામી રામદેવ, આશારામ, આર્ટ લીવિંગ વાળા શ્રી શ્રી રવિશંકર , શંખનાદ વાળા મહેશગીરી દ્વારા દેશભરમાં અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેના પ્રતાપે ભાજપને પુર્ણ ,સતા મળી છે, ભારતની મુખ્ય રાજસતા બે ગુજરાતીના હાથમાં છે.

**(વધુ આવતા અંકે)**

# એમસીએક્સ પર કોટન-ખાંડીના વાયદાના ભાવમાં ખાંડીદીઠ રૂ.૨૬૦નો પ્રત્યાઘાતી સુધારો

**સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૧૭ અને ચાંદીમાં રૂ.૭૩૬ની વૃદ્ધિ: નેચરલ ગેસ, મેન્થા તેલમાં ઢીલાશ: ક્રૂડ તેલ વધ્યુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૩૩૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૦૮૭૨ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૮ કરોડનાં કામકાજ**

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૫,૮૯૦ સોદાઓમાં કુલ રૂ.૧૯,૨૨૦.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૩૨૯.૯૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૦૮૭૨.૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૫,૩૦૩ સોદાઓમાં રૂ.૫,૬૦૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૫૪૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૬૬૦ અને નીચામાં રૂ.૫૯,૪૮૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૭ વધી રૂ.૫૯,૫૭૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૦૪ વધી રૂ.૪૮,૬૫૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ વધી રૂ.૫,૯૯૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩ વધી રૂ.૫૯,૬૨૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૪૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૦૪૪ અને નીચામાં રૂ.૭૦,૩૭૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૩૬ વધી રૂ.૭૦,૯૭૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૬૭૬ વધી રૂ.૭૧,૦૫૨ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૬૮૪ વધી રૂ.૭૧,૦૫૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૪૪૯ સોદાઓમાં રૂ.૧,૩૩૯.૫૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૬૯૮.૯૫ના ભાવે ખૂલી, રૂ.૭.૯૦ વધી રૂ.૭૦૨.૫૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ વધી રૂ.૨૦૯.૧૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૫.૨૦ વધી રૂ.૨૦૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૨૦૯.૯૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૩.૯૫ જસત-મિની મે વાયદો રૂ.૫.૫૫ વધી રૂ.૨૦૮.૪૦ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૦,૫૩૭ સોદાઓમાં રૂ.૧,૩૭૭.૩૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૫૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૧૬ અને નીચામાં રૂ.૫,૯૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૧ વધી રૂ.૬,૦૦૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૫૮ વધી રૂ.૬,૦૦૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૪ના ભાવે ખૂલી, રૂ.૦.૫૦ ઘટી રૂ.૨૦૨.૨૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૦.૪ ઘટી ૨૦૨.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૮.૯૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૯૮૦ અને નીચામાં રૂ.૫૭,૩૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬૦ વધી રૂ.૫૭,૭૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૬૦ ઘટી રૂ.૯૪૪ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૪૫.૧૭ કરોડનાં ૫,૨૭૨.૨૮૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૫૮.૯૨ કરોડનાં ૩૪૬.૭૬૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૨૪.૫૨ કરોડનાં ૮,૭૭,૪૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૫૨.૮૬ કરોડનાં ૪,૧૭,૫૭,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૯.૮૫ કરોડનાં ૮,૧૬૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૬.૧૦ કરોડનાં ૧,૯૬૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૪૨.૧૨ કરોડનાં ૯,૦૬૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૯૧.૪૪ કરોડનાં ૨૩,૩૮૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૭.૭૫ કરોડનાં ૧,૩૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૧૮ કરોડનાં ૧૨.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૫૯.૫૨૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૨.૮૩૩ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૩૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૮,૦૨૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૧,૭૦૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૬૨૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૩,૦૦,૭૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૨૮,૪૬,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૪૦૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૪૩ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૮.૦૫ કરોડનાં ૨૨૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૪૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૫,૯૮૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૬૧ અને નીચામાં ૧૫,૯૮૩ બોલાઈ, ૭૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૬ પોઈન્ટ વધી ૧૬,૦૫૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦૮૭૨.૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૧૫.૩૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫૦.૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૫૧૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૮૪.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૬૬.૬૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૯.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૯.૫૦ અને નીચામાં રૂ.૧૮૫.૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫.૧૦ વધી રૂ.૨૧૫ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૯૦ અને નીચામાં રૂ.૧૧ રહી, અંતે રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૧.૪૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦૫ અને નીચામાં રૂ.૫૬૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪.૫૦ વધી રૂ.૬૦૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૯ અને નીચામાં રૂ.૫૯૪ રહી, અંતે રૂ.૫૨.૫૦ વધી રૂ.૬૬૨ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૧.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૯૧.૫૦ વધી રૂ.૧,૮૮૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૫૨ના ભાવે ખૂલી, રૂ.૩૦૯ વધી રૂ.૧,૮૩૭ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૫૧ વધી રૂ.૨૦.૦૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૫ અને નીચામાં રૂ.૨૦૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩.૫૦ ઘટી રૂ.૨૦૭ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૧૦ અને નીચામાં રૂ.૧૧.૭૦ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૧૩.૪૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૨૩૪.૫૦ અને નીચામાં રૂ.૧,૧૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨.૫૦ ઘટી રૂ.૧,૧૭૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૦ અને નીચામાં રૂ.૩૯૬.૫૦ રહી, અંતે રૂ.૫૫ ઘટી રૂ.૪૨૧.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૬૬ના ભાવે ખૂલી, રૂ.૩૫૧.૫૦ ઘટી રૂ.૧,૩૭૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૦૨ના ભાવે ખૂલી, રૂ.૩૦૪ ઘટી રૂ.૧,૨૪૯.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૬૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૨૦ વધી રૂ.૮ થયો હતો.

# સુમનપાના શાસકો અને કોન્ટ્રાકટર 'કચરાલાલ' કચરામાંથી કંચનને બદલે સુરતની કબર ખોદે છે

સુરત મહાનગરમાં ભાજપનું એકચક્રી રાજ છે. એનાં ભુતકાળમાં ભાજપની એક નગરસેવિકાની તાપી નદીના લીલ કાંઠમાં ધોળે દહાડે હત્યા થઇ ગઈ હતી. કહેવાતું હતું કે જો પડદા પાછળના કાવતરાંખોર ખુલ્લાં થતે તો મોટી ઉથલ પાથલ સુરતમાં થતે. ભ્રસ્ટાચારે એક ભાજપની નગર સેવિકાનો ભોગ લીધો હતો. પછી તો તાપીમાતાના માનવસર્જિત પૂર, પછી પ્લેગ પછી પાળા નદી ચારે કોર ચઢાવવા. માનો કે તાપીમાતાને કેદ કરી એવું લાગે છે. આજે પીવાના પાણીની ગુણવત્તા કેમ કથળી ગઈ છે? બીજી બાજુ મિનરલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં અનહદ ભ્રષ્ટાચાર, એક વર્ષ પૂર્વે સુરતના ચાલીસથી વધુ પ્લાન્ટ બંધ કરી સીલ મારી દંડ સહિત ગુના દાખલ કરવામાં આવ્યા હતા એવું જાણ્યું હતું.અમોએ આરટીઆઇ એકટ હેઠળ અરજીઓ કરી પ્લાન્ટ બંધ કરતી વખતે, સીલ મારતી વેળા કરેલાં રોજકામ, પંચનામાના કાગળો માગ્યા હતા. બધે લોલમલોલ પોલમપોલ જાણવા મળેલ. છેલ્લાં કેટલાંક દિવસથી અચાનક જાગેલા સુરત જીલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ રેડ એલર્ટ થઈ રેડ ઉપર રેડ પાડી રહ્યાં છે. ક્યાંક પિત્ઝા, પનીર, માખણમાં ભેળસેળ પકડે છે.પાણીપુરીના મટકાં ફોડે છે. હોટેલ,ફરસાણ, મીઠાઈ,બેકરી, દૂધ પ્રોડક્ટ વેચાણ કરતાં એકમો ઝડપે છે, મરીમસાલા, માખણ,કોલ્ડ્રીંક, કેરીરસના સેમ્પલ કેદ કરી વૈજ્ઞાનિક ?ચકાસણી કરી કરાવી સુરતના જમણની લાજ બચાવવા કૈક કૈક કરતાં હોય એવુ દેખાઈ છે. અહીં સવાલ એ છે કે જે લોકોએ સૂરતની લાખો જનતાની જીંદગી સાથે ખિલવાડ કર્યો,પકડાયા એ બધાં જેલમાં છે કે પછી નાનો મોટો દંડ ભરી પાછા ખોટાં ધંધે લાગી ગયાં છે?

તાપી માતાના ખોળામાં પ્રદૂષિત પાણી,ગટરનું પાણી,મિલ કારખાના ડાઈંગ પ્રોસેસ એકમોનું પાણી ખુલ્લી ખાડી અને ક્યાંક સીધે સીધુ તાપીમાં ઠાલવે છે. અમો દિપક પટેલે આરટીઆઇ એકટ હેઠળ અરજી કરી જાણવા માગેલું કે કેટલી સોસાયટીના ગેરકાયદેસર ગટર જોડાણો સીધાં તાપીમાં ઠલવાઈ છે. ચોંકી જશો. સુરત મહાનગર અને સરકારી એકમો દ્વારા જ ગેરકાયદેસર પાણી તાપીમાં ઠલવાઈ રહ્યું હતુ. અને એ શોધવા સુરત મહાનગર પાલિકાએ ખાનગી કોન્ટ્રાક્ટ આપી એજેંસી રોકી કરોડોના ખર્ચે તપાસ કરી કરાવી અહેવાલ તૈયાર કરાવ્યો હતો અને પછી ખાધુંપીધું અને રાજ કર્યું હતું! કરોડો ગયાં પાણીમાં,કોઈ પાસે કોડીનો દંડ વસુલ કર્યો નથી. પ્રદૂષણ નિયંત્રણ વિભાગ,પ્રદૂષણ ફેલાવનારાના અંકુશ તાબા નિયંત્રણમાં, થોડો દેખાડો કરી કટકી ખાય અટકી જાય છે. આભ ચુંબતા વિકાસ વચ્ચે સિલ્કસીટી, બ્રીજસીટી, ડાયમંડસીટી હવે સ્માર્ટસીટી. જાગ રે જાનમ જાગ, જનાવર જીવતાં હોમાઈ જાય રે..!ધીરેધીરે આપણે પણ કતારમાં...! ઘણાં કેસ ટ્રિબ્યુનલ કે ગુજરાત હાઈકોર્ટમાં સબડે છે. અહીં જમીન પર લોકોની જિંદગીમાં ધીમું ધીમું ઝેર ફેલાઈ છે. આ તો રહી વાત જળને ઝેર બનાવવાની, બીજી તરફ સુરતને સ્વચ્છ રાખવાના ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન, કચરાને ક્રશ કરવો કે લીલાં સૂકા ભીનાને છૂટો પાડી એમાંથી બાય પ્રોડક્ટ ઉત્પન્ન કરવી. ખરાં ખેલ અહીં પણ થાય છે.

બધાં હિસાબ કિતાબ કાગળ પર અને સબ સલામત. અહીં ચોમાસે આકાશથી ઉતરે પાણી એની જ રાહ જોવાઈ છે. પછી ગઈ ભેંસ પાણીમાં..!કેટલી વીજળી અને કેટલું કુદરતી ખાતર પેદા કર્યુ? સુરતમાં તાપીમાતાની સાચી અર્ચના પૂજા એની પવિત્રતાના રક્ષણમાં જ છે. સુરતમાં લાગણીશીલ લોકો, પર્યાવરણ પ્રેમીઓ સજાગ છે એમાં પરિવર્તન ટ્રસ્ટ, નવસર્જન ટ્રસ્ટ, નવ (નેશનલ)યુવા સંગઠન, સારંગ હેલ્થ ક્લબ, સુરતસેના કાર્યરત છે એ એમની વિશેષ સેવા સરાહનીય છે. પરંતુ તાપી મૈયા કે જેના પાવન તટે અશ્વિનિકુમારો, પાંડવો અને દાનવીર કર્ણનો ઈતિહાસ આલેખાયેલો છે. અને તાપીનું નીર પાણી આજે કોઝવેના હવાડામાં નિરાંતે કેદ છે.

લીલી જલકુંભી એનું આવરણ બની ગયું છે. ધાર્મિક ઉત્સવો અને અંધ ધાર્મિકતા તાપીમાતાના ચરણ પીઓપીથી લથપથ છે. એક સમયે મોટાં મોટાં જહાજ જેના કાંઠે લાગરતાં એ લંગર ક્યાં છે? વાત અહીં એનાં પવિત્ર ઈતિહાસની નથી. ભવિષ્યની કરવી છે. રેતીચોર ભુ માફિયા, કેમિકલ ઠાલવતાં, કચરો ઠાલવતાં ઠેકેદાર અને નદીપાળે પ્રતિબંધિત વિસ્તારમાં બંધાઈ રહેલા પાર્કભવનો, ફાર્મહાઉસ, બીજી બાજુ સરકારનો વિકાસ રિવર ફ્રન્ટ. કેવો વિકાસ?એક માણસ રોજના એક કિલો ધાન અનાજ ખાતાં હશે એઓ રોજ ચારસો થી પાંચસો ગ્રામ સુકો ભીનો કચરો પેદા કરે છે.

આ કચરો કંચન પેદા કરે એ પહેલાં ગારબેજ માફીયાઓ આપણી કબર ખોદે છે. એ ભૂલશો નહીં. ભર ઉનાળે વરસાદ વર્ષે ,આપણાં પાપે આકાશ રડે, આંસુઓની ધારા

'સુરતનું જમણ અને કાશીનું મરણ' કહેવત ભૂસાતી જાય છે!

**દિપક પટેલ શિક્ષક સુરત જનતા દરબાર સંયોજક ગુજરાત.**
**આરટીઆઇ કાર્યકર્તા.**

# ૮૯ વર્ષ જૂના ઝાડ પર આવતી કેસર કેરીનો સ્વાદ હજુ પણ એવો ને એવો, આ રીતે પડ્યું હતું નામ

રાજકોટઃ ઉંમર ખરેખર કેસરને મીઠી બનાવે છે, જે લગભગ ૯૦ના ઉંબરે છે. તે નિર્વિવાદપણે હજુ પણ કેરીઓમાં સૌથી વધુ માંગ છે. જૂનાગઢના નવાબ મહાબત ખાન ત્રીજાએ ૨૫ મે, ૧૯૩૪ના રોજ કેસર કેરીને ઉપનામ આપ્યા બાદ ગુરુવારે કેરીની પ્રજાતિએ તેનો ૮૯મો જન્મદિવસ ઉજવ્યો હતો. લોકવાયકા એવી છે કે, પ્રથમ વખત આ ફળનો સ્વાદ ચાખ્યા પછી નવાબ તેની મીઠાશથી એટલા પ્રભાવિત થયા કે તેમણે તેને માત્ર ન એક નામ આપ્યું, પણ પોતાના બગીચાના સુપ્રિટેન્ડન્ટ એસકે આયંગરનો પગારઙ રુપિયા પણ વધારી દીધો હતો. ત્યારે આ કેરી હવે તેનો ૮૯મો બર્થડે ઉજવી રહી છે.એવી દંતકથા છે કે વંથલીની બહારના ભાગમાં કેરીના થોડાં વૃક્ષો હતા. જેની બાજુમાં સાલેભાઈ ઈદીની માલિકીનો એક નાનો કેરીનો બાગ હતા. સાલેભાઈ જેઓ જૂનાગઢના નવાબના વજીર હતા, તેઓએ ૧૯૩૦ના દાયકામાં પાકેલી કેરીનો સ્વાદ ચાખ્યો અને માંગરોળમાં પોતાના દોસ્ત શેખ સાહેબને પણ મોકલી. જે બાદ શેખ સાહેબે ફળનું નામ સાલેભાઈની આમડી રાખ્યું હતું. રસપ્રદ વાત એ છે કે, તાલાલાના નજીકના ગામમાં સાલેભાઈના ૧૫૫ વર્ષ જૂના આંબાના ઝાડ પર હજુ પણ ફળ આવે છે. ઈતિહાસ મુજબ, નવાબે કેરીનું અધ્યયન કરવા માટે પોતાના ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ આયંગરને દેશના વિવિધ વિસ્તારો અને ઈન્ડોનેશિયા, મલેશિયા, સિંગાપોર અને ચીન જેવા દેશોમાં મોકલ્યા હતા. તેઓએ આ વિદેશ યાત્રા માટે રુપિયા ૫૩૪ ખર્ચ કર્યા હતા. જો કે, આયંગરને કેસર જેવો સ્વાદ આપતું એકેય ફળ મળ્યું નહીં.ત્યારે આયંગર મીઠી કેરીની વિવિધતા વિશે શીખ્યા અને પ્રથમ હાથનો સ્વાદ મેળવવા માટે માંગરોળ ગયા હતા. તેમને તેનો સ્વાદ એટલો ગમ્યો કે તેઓએ ૭૫ કલમો તૈયાર કરી અને વન વિસ્તારમાં સાલેભાઈની આમડીની ખેતી કરી. આખરે ત્રણ વર્ષ બાદ વૃક્ષો પર ફળ આવવા લાગ્યા. એ પછી આયંગર પાકેલું ફળ લઈને નવાબ પાસે ગયા હતા. જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના બાગાયત વિભાગના હેડ પ્રોફેસર ડીકે વરુએ જણાવ્યું કે, આયંગર દ્વારા વર્ણવવામાં આવેલા ઈતિહાસ મુજબ, નવાબે તેના સ્વાદથી આશ્ચર્યચકિત થઈને કેરીનું નામ કેસર રાખ્યું હતું. ખુશ થઈને તેઓએ આયંગર અને તેમની પત્નીને એક જોડી કપડાં ભેટમાં આપ્યા હતા અને આયંગરના પગારમાં રુપિયા ત્રણનો વધારો પણ કર્યો હતો. નવાબે અન્ય ખેડૂતોને પણ ભેટમાં કપડાં આપ્યા હતા. જૂનાગઢની એક કૉલેજમાં ઈતિહાસના શિક્ષક પ્રદ્યુમન ખાચરે જણાવ્યું કે, ૧૯૩૫માં જૂનાગઢમાં સમગ્ર ભારતની કેરીનો એક મેગા શો યોજવામાં આવ્યો હતો. જ્યાં કેસર કેરીને પ્રથમ ઈનામ મળ્યું હતું. સાલેભાઈના વંશજ ગફ્ફુરભાઈ કુરેશીએ જણાવ્યું કે, અમારા પૂર્વજ સાલેભાઈ દ્વારા ઉગાડવામાં આવેલું સૌથી જૂનું કેરીનું ઝાડ હજુ પણ જીવંત છે અને મારા બગીચામાં ફળ આપે છે.

## અરવલ્લી જિલ્લામાં DAY-NRLM યોજના અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પ નું આયોજન




માહિતી કચેરી અરવલ્લી,

આજ રોજ જિલ્લા પંચાયત અરવલ્લી ખાતે કેશ ક્રેડિટ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું,સ્વસહાય જુથની મહિલાઓ સ્વાવલંબી બને અને આજીવિકામાં વધુ સુધારો આવે તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને કેશ ક્રેડિટ કેમ્પ યોજવામા આવ્યો. કુલ ૭૪ SHG ને ૧૦૧ લાખનું વિતરણ કરવામાં આવ્યુ.ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠીત કરી તેઓને બચત તથા બેંકો સાથે જોડી વધુ ધિરાણ આપી એક સુવ્યવસ્થીત પ્રક્રિયા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ અને માર્કેટીંગ સાથે જોડાણ કરી સખી મંડળની બહેનોની આજીવિકામાં વધારો કરી ગરીબીમાંથી બહાર લાવવા 'રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજના'ની શરૂઆત કરવામાં આવી છે.આજ રોજ જિલ્લા પંચાયત અરવલ્લી ખાતે કેશ ક્રેડિટ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં જિલ્લા પંચાયત ના પ્રમુખ શ્રી, DLM શ્રી, LDM શ્રી અને નાબાર્ડ ના ddm શ્રી ઉપસ્થિત રહ્યા.

## અરવલ્લીના શિકા ગામમાં આંબાનું વાવેતર

## કેસર કેરીના ૩૭૦ પ્લાન્ટની સાથે અન્ય લંગડો, દશેરી, રાજાપુરી, ચૌસા, આલફંજો, બદામ, મલ્લિકા જેવા પ્રકારના પાકની પ્રાકૃતિક ખેતી

માહિતી કચેરી અરવલ્લી ,



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શિકા ગામના ખેડૂત ઉન્મેશભાઈ પટેલ દ્વારા કેસર કેરીના ૩૭૦ પ્લાન્ટની સાથે અન્ય લંગડો, દશેરી, રાજાપુરી, ચૌસા જેવી પાકની પ્રાકૃતિક ખેતી કરી છે અને આ વિસ્તારના ખેડૂતો અને બાગાયતકારને અન્ય ગામના ખેડૂતોને પણ આ પ્રકારે ખેતી કરવા પ્રેરણા પુરી પાડી છે.ગામમાં પારંપરિક ખેતી કરતા છેલ્લા ઘણા વર્ષોથી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.વિવિધ પાકોના ઉત્પાદન સાથે તેઓ પશુપાલન પણ કરી રહ્યા છે જેથી ખેતી માટે પ્રાકૃતિક રીતે દેશી ખાતર મળી રહે.ઉન્મેશભાઈ કેરીના પાકની સારી ઉપજ લેવા તેઓ રાસાયણિક ખાતરના બદલે ગાય આધારીત ખેતી ઉપયોગ કરવો વધુ હિતાવહ માની રહ્યા છે જેને કારણે ઉત્તમ ગુણવત્તા ધરાવતી કેરીનું ઉત્પાદન મળી રહે. આજના સમયમાં રસાયણિક ખાતર વાપરવાથી પાક તેમજ ખેતીની જમીનને કેટલું નુકશાન પહોચે છે તેને ધ્યાનમાં રાખી અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે પ્રેરણા પુરી પાડી રહ્યા છે.તેમનું કેહવું છે,વર્તમાન ખેતી ખર્ચાળ અને રાસાયણિક ખાતરોથી જોખમી છે. વર્તમાન સમયની ખેતી ખૂબ જ ખર્ચાળ અને રાસાયણિક ખાતરો અને દવાઓથી જાહેર આરોગ્ય માટે જોખમી બની ગઈ છે, દરેક ખેડૂતને ખેતીમાં ખર્ચો વધારે કરવો પડે છે જેથી નફાનું પ્રમાણ ઓછુ રહે છે તેમાં પણ જો પાકમાં જીવાત આવી જાય તો સંપૂર્ણ પાક નાશ પામે છે જેથી ખેડૂતે જાગૃત થઈ પ્રાકૃતિક ખેતી તરફ વળવા તૈયારી દર્શાવવી જોઈએ.ઘણા ખેડૂતો આ તરફ પહેલ કરી ચૂક્યા છે.ઉન્મેશ ભાઈ જણાવે છે બાગાયત વિભાગ તરફથી સબસીડી અને જરૂરિયાત પ્રમાણે સહાય મળી રહી છે જે માટે આવી સરકારની ખેડૂતો માટેની યોજના અમલી બનાવવા માટે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરે છે, અને અરવલ્લી જિલ્લામાં કેરીનો સારો પાક મળે અને અન્ય ખેડૂતો પણ આંબાનું વાવેતર કરે અને આવનારા સમયમાં અરવલ્લી પ્રદેશની કરીઓ પણ પ્રસિદ્ધ થાય તેવું સ્વપ્ન સાકાર કરવા ઉત્સાહિત છે.

## ગાંધીનગર જીલ્લા રોજગાર કચેરી દ્વારા જોબફેર

ગાંધીનગર,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, બલરામ મંદિર પરિસર, ઉમિયા માતાજીના મંદિર પાસે,કલેકટર ઓફીસ સામે,સેક્ટર-૧૨ તા.જી.ગાંધીનગર ખાતે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતીનો લાભ લઇ શકશે.રોજગાર ભરતીમેળામાં ગાંધીનગર જીલ્લાની પ્રતિષ્ઠિત કંપનીઓમાં ફાર્માસ્યુટિકલ, ઈલેક્ટ્રોનિક,મશીન ઓપરેટર, ડીપ્લોમાં, એન્જીનીયર, સુપરવાઈઝર, સિક્યુરીટી ગાર્ડ, ડ્રાઈવર, ઓફીસ આસિસ્ટન્ટ, હેલ્પર જેવી જગ્યાઓ માટે ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ,પોસ્ટ ગ્રેજ્યુએશન, આઈ.ટી.આઈ, ડીપ્લોમાં ઉમેદવારો ભાગ લઇ શકશે. આથી રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઇ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.જેથી ભરતીમેળાનોલાભ લેવા જણાવવામાં આવે છે. ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

## યુવા સેવાભાવી અગ્રણી મિતલ ખેતાણીના સુપુત્ર માનસ ખેતાણીનો તા.૨૭ ના રોજ પંદરમાં વર્ષમાં સેવામય મંગલ પ્રવેશ

જાહેર જીવનના વરિષ્ઠ, સહકારી અગ્રણી સ્વ.નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ.હરદેવીબેન ખેતાણીનાં પૌત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડનાં મીડિયા ટીમનાં મેમ્બર તેમજ ભારત સરકારના પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર સમિતિના સદસ્ય, ગુજરાત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડ નાં ડાયરેક્ટર મિતલ ખેતાણી અને ડિમ્પલ ખેતાણીનાં સુપુત્ર ચિ.માનસ તા.૨૭ નાં રોજ પંદરમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયો છે. દરેક જન્મદિવસ ની જેમ આ વખતે પણ અનેકવિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતીઓ સાથે



માનસનાં જન્મદીનની ઉજવણી થઈ રહી છે. નજીકના વિસ્તારોમાં માનસ પોતે પોતાની બાલ મંડળી સાથે પક્ષીઓને ચણ, કીડીઓને કીડીયારું, કુતરાઓને દુધ-રોટલી, ગાયોને ઘાસ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાંનાં માળા–બર્ડ ફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મૂકી, ગૌમાતાની પાણી પીવાની કુંડીઓ મુકશે અને સાથમાં જ ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક ૧૫ વૃક્ષોનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી કરશે. આ ઉપરાંત રેસકોર્સ ખાતે ચાલી રહેલા ગૌ ટેક - ૨૦૨૩ માં પણ માનસ વહેલી સવારથી મોડી રાત સુધી પોતાની યથાયોગ્ય સેવાઓ આપી રહ્યો છે.

ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનમાં સહયોગ આપનારને વળતરની સાથે

# પર્યાવરણની જાળવણી અને પ્રોત્સાહન માટે પ્રતિક રૂપે એક છોડ પણ આપવામાં આવશે

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી,ગાંધીનગર. ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર, ઈ-કોલી વેસ્ટ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ. અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર તથા ગાંધીનગરની જાગૃત સંસ્થાઓના સહયોગથી ઈ-વેસ્ટ કલેકશન અભિયાનનું આયોજન ૪ થી જુન સુધી દર શનિવાર,રવિવાર દરમ્યાન સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧,ઘ-ટાઈપ,સેક્ટર-૨૩,લગ્નવાડી ની બાજુમાં, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં ખુબ સારો સહયોગ સાંપડી રહ્યો છે. આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ પણ યોગદાન આપી રહી છે. ગાંધીનગર ના પર્યાવરણ પ્રેમી નાગરિકો ઈ-વેસ્ટ જમા કરાવવામાં બાકી રહી ગયા હોય તેઓ પોતાનો ઈ-વેસ્ટ તારીખ ૨૭,૨૮ મેં અને ૩,૪,જુન સુધી જમા કરાવી શકશે. પર્યાવરણ પ્રેમી નાગરિકો ને આ તક નો લાભ લેવા માટે નિસર્ગ સાયંસ સેન્ટર અને ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ આમંત્રણ પાઠવે છે. સરકારી ધારા ધોરણ મુજબ ઈ-વેસ્ટ જમા કરાવનારને વળતર અને પહોચ પણ આપવામાં આવશે.તેમજ પર્યાવરણની જાળવણી અને પ્રોત્સાહન માટે એક છોડ પ્રતિક રૂપે આપવામાં આવશે. વધુ વિગત માટે સંપર્કઃ -૯૦૯૯૯ ૨૪૦૮૧, ૭૦૪૬૪૬૯૦૦૦, ૯૪૨૬૬૩૫૨૧૫

## કાંદિવલીમાં હૃદયના સ્વાસ્થ્ય અંગે પ્રવચન

કાંદિવલીની શ્રોફ કૉલેજ દ્વારા એઇડ્સ કૉમ્બેટ ઈન્ટરનેશનલના સહયોગમાં હૃદયના સ્વાસ્થ્ય, સી ટી એન્જીયોગ્રાફી અને કનવેન્શનલ એન્જીયોગ્રાફી અંગે ડૉ. મીનળ શેઠ, ડૉ. તેજસ મહેતા, ડૉ. વિશ્વનાથ યાદવના પ્રવચનનું આયોજન કાંદિવલી વેસ્ટમાં ભુલાભાઈ દેસાઈ રોડ ખાતેની શ્રોફ કૉલેજના મિનિ ઓડિટોરિયમમાં ૨૭ મે એ સાંજે ૬-૩૦ થી ૮ વાગ્યા સુધી સુધી રાખ્યું છે.



તા.૩૦-૫-૨૦૨૩ મંગળવારે બપોરે પછી ૩-૩૦ થી ૬-૦૦ દરમ્યાન ગાયત્રી જયંતિ-ગંગા દશેરા અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સંસ્થાપક/સંરક્ષક યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીની પૂણ્ય તિથી નિમિત્તે ગાયત્રી દિપયજ્ઞ-ગંગા પૂજનનું તેમજ નવા વર્ષ શાળા પ્રવેશોત્સવ પ્રારંભે વિદ્યાર્થીઓ માટે વિદ્યારંભ સંસ્કાર-સરસ્વતી પૂજનનું આયોજન મીરામ્બિકા રોડ નારણપુરા ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા-શ્રી પાટીદાર પરિવાર મહિલા વિકાસ-મીરામ્બિકા કેમ્પર્સ-લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ-સંવેદના સહયોગથી યોજવામાં આવ્યું છે.

## અમદાવાદમાં નર્સિંગ કોલેજ અચાનક જ બંધઃ સંચાલકો તાળા મારી છૂ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં આવેલી નર્સિંગ કોલેજના પાટિયા અચાનક જ પડી ગયા છે. કોલેજના સંચાલકો રીતસરના ફી ઉઘરાવી છૂ થઈ ગયા છે. આ કોલેજ અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલી છે. જેનું નામ શ્રી લક્ષ્મી પેરામેડિકલ કોલેજ છે. આ શ્રીલક્ષ્મી પેરામેડિકલ કોલેજ હજુ બે વર્ષ અગાઉ જ શરુ કરવામાં આવી હતી. આ કોલેજમાં નર્સિંગ કોર્સ ભણાવવામાં આવતો હતો. જે વિદ્યાર્થી આ કોર્સમાં એડમીશન લેવા માંગતા હોય તેમને વીસ હજાર ફી ચૂકવવાની હોય છે. પરંતુ આ કોર્સની એક્ચ્યુઅલ ફી એક થી બે લાખ જેટલી હતી. આ કોલેજમાં લગભગ ૧૫૦જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓએ પૈસા સહીત ઓરિજિનલ ડોક્યુમેન્ટ પણ જમા કર્યા હતા. આ સંસ્થા થોડા સમય માટે ચાલી અને ત્યારબાદ અચાનક જ બંધ થઇ ગઈ હતી. ઓફિસને આમ અચાનક તાળા લાગી જવાથી વિદ્યાર્થીઓમાં ટેન્શનનો માહોલ છવાઈ ગયો હતો.

# રક્તદાન શિબીરનું આયોજન

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી), કાંદિવલી રિક્રિએશન ક્લબ તથા લાઈફ સેવ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ટાટા મેમોરીયલ હૉસ્પીટલના સહયોગથી રક્તદાન શિબીરનું આયોજન રવિવાર, તા. ૪ જૂન ૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ થી ૩.૩૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. આ શિબીરનું આયોજન કાંદિવલી રિક્રિએશન ક્લબના પહેલે માળે, મિની બેક્વેટ એ.સી. હૉલ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ ખાતે રાખવામાં આવ્યું છે. આ શિબીરમાં હાજર રહીને, રક્તદાન કરીને કેન્સરના દર્દીઓને જીવનદાન આપવામાં સહાય કરવા વિનંતી.

## આપના ધારાસભ્યએ પંચાયતની ચૂંટણીમાં ધોકાવાળી કરતા ૬ મહિનાની સજા!!

(એ.આર.એલ),સુરત,તા.૨૬

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને વિધાનસભામાં પાર્ટીના નેતા ચૈતર વસાવાને એક કેસમાં કોર્ટે છ મહિનાની જેલની સજા ફટકારી છે. ડિસેમ્બર ૨૦૨૧ની પંચાયતની ચૂંટણીઓ સંબંધિત એક કેસમાં, રાજપીપળાની એક અદાલતે વસાવા અને અન્ય નવ લોકોને સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવા બદલ દોષિત ઠેરવ્યા હતા.

આ પછી કોર્ટે તમામને છ મહિનાની સજા ફટકારી હતી, જો કે કોર્ટે ૨૦,૦૦૦ રૂપિયાના જામીન ભરવાની શરતે તેમને મુક્ત કર્યા હતા, પરંતુ કોર્ટે આ નિર્ણયમાં આગામી બે વર્ષ માટે એક શરત ઉમેરી હતી. ફરિયાદી અને તેના પરિવારથી ૨ વર્ષ સુધી અંતર રાખવું પડશે.

નર્મદા જિલ્લાની સેશન્સ કોર્ટે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને અન્ય નવને પંચાયત ચૂંટણી દરમિયાન હિંસા સંબંધિત કેસમાં છ મહિનાની સાદી કેદની સજા ફટકારી છે. રાજપીપળા કોર્ટના ન્યાયાધીશ એન.આર. જોશીએ નોંધ્યું હતું કે આરોપીઓ અન્ય કોઈ ફોજદારી કેસમાં સંડોવાયેલા નથી અને તેઓએ કોર્ટને ખાતરી આપી છે કે તેઓ યોગ્ય વર્તન કરશે, તેથી તેઓને પ્રોબેશન પર છોડી દેવા જોઈએ. બોરાજ ગામના રહેવાસી સતીશ વસાવાએ આરોપ લગાવ્યો હતો કે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હરીફ જૂથના ઉમેદવારને સમર્થન આપવા બદલ આરોપીઓએ તેમને માર માર્યો હતો અને તેમનો મોબાઈલ ફોન અને સોનાની ચેઈન પણ છીનવી લીધી હતી. કોર્ટના નિર્ણય બાદ ધારાસભ્ય ચૈતર વસાવા અને અન્ય લોકોએ આગામી સાત દિવસમાં ૨૦,૦૦૦ રૂપિયાના જામીન બોન્ડ ભરવાના રહેશે.




હારિજ ઓ.બ્રહ્મ.સમાજનુ ગૌરવ.કૂ.જયની અશોકભાઈ ઠાકર ચાલુ સાલે લેવાયેલ એસ એસ સી બોર્ડ ની પરીક્ષામાં ૯૯.૬૦ પર્સન્ટાઈલ રેક્ર સાથે ૯૨ ટકા ગુણ પ્રાપ્ત કરી ઠાકર પરિવાર સહિત ચાણસ્મા હાઈસ્કુલ ખાતે પ્રથમ આવી કુ.જોષી વિધિ નીતિનકુમાર ચાલુ સાલે એસ એસ સી બોર્ડ ની પરીક્ષામાં ૯૯.૧૩ પર્સન્ટાઈ રેક્ર પ્રાપ્ત કરી જોશી પરીવારનું ગૌરવ વધાર્યુ છે વિધી નિતિનકુમાર ના બચપણમાં માતા પિતા ભાઈ નુ આસ્મિક મૃત્ય થતા કુટુંબ પરિવાર ઉછેર કરી રહયો છે ત્યારે બોર્ડ ની પરીક્ષામાં સારા માર્કસ લાવતા સૌ કોઈ ગૌરવ અનુભવી રહ્યા છે.

**રિપોટર નિખિલ જોષી પાટણ બ્યુરો**

## સોનું પલટવાર કરવા માટે સુસજ્જ છેઃ એન્જલ વન

મુંબઈ, ૨૬ મે ૨૦૨૩: એન્જલ વન લિ. ના કોમોડિટીઝ એન્ડ કરન્સીઝ ના વરિષ્ઠ ટેકનિકલ એનાલિસ્ટ શ્રી તેજસ અનિલ શિગરેકર જણાવ્યું હતું કે ટૂંકા ગાળાનો મંદીનો પ્રવાહ નિષ્પક્ષ અથવા તેજીમાં પલટાશે એવું ભાંખવામાં આવ્યું છે. આપણે ૫૯,૫૦૦ની મહત્ત્વપૂર્ણ ટેકાની સપાટી પર બારીકાઈથી નજર રાખવી જોઈએ. એમસીએક્સ ગોલ્ડની કિંમત નોંધપાત્ર રીતે ૫૯,૭૭૦ની નીચે રહેશે ત્યાં સુધી ટ્રેડ્સ લાભદાયી બની શકે છે.ટેક્નિકલ ધોરણે હાલમાં આરએસઆઈ (૧૪) ૭૦ની નીચે છે, જે નકારાત્મક તફાવત સાથે વધુ પડતી ખરીદીના ક્ષેત્રમાં રહેશે એવા સંકેત છે. કિંમતો ૫૦ દિવસની એક્સપોનેન્શિયલ મુવિંગ એવરેજ (ઈએમએ)થી ઉપર ટ્રેડિંગ કરી રહી છે. જોકે આપણે ચાર્ટ પર લાંબી સમયરેખા જોઈએ અને ફાબોનેસ્સી રિટ્રેસમેન્ટ ટૂલનો ઉપયોગ કરીએ તો કિંમતો ૭૮.૬૦%ના ફિબ રેશિયોની નજીક સપોર્ટ ધરાવે છે અને બમણી બોટમ પેટર્ન રચવાની શક્યતા છે, જે કિંમતો ટૂંકા ગાળામાં પલટવાર કરશે એવો સંકેત આપે છે. આ ટેકાની સપાટીને ધ્યાનમાં રાખતાં ટ્રેન્ડ ટ્રેડરોએ આ સપાટીએ સોનું ખરીદી કરવામાં ખચકાટ નહીં અનુભવવો જોઈએ. ખરીદી કરો એમસીએક્સ ગોલ્ડ ૫૯,૮૦૦ એસએલ ૫૯,૫૦૦ની સપાટીએ, ટીજીટી ૬૦૪૫૦-૬૦૭૪૦

## ચાણસ્મા નગરમાં કાનદાસ પરા ના ઢાળ સહિત મહોલ્લાઓમાં નવ ગજા પીરના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



મુઘલ સામ્રાજય સમય ચાણસ્મામાં નવગુજરાપીરની હિન્દુ પરિવારો દ્વારા સ્થાપના કરી હતી વર્ષોથી પારંપરિક રીતે આજે આજે પણ ચાણસ્મા ના પાટીદાર પરિવારો તેમના મહોલ્લાઓના નાકે બનાવવામાં આવેલા નાના નવ ગજા પીરના મંદિરની સ્થાપના કરાય છે તે દિવસ થારમાં મહોલ્લા ના લોકો દ્વારા સવાર સાંજ ધૂપ દીપ કરવામાં આવે છે અને વર્ષોની પરંપરા મુજબ જેઠ સુદ બીજ ના રોજ નવ ગજા પીરની સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે દરેક મહોલ્લાઓમાં ઉજાણી રાખવામાં આવે છે અને નવગજરાપીરના નાના દેવ સ્થાન ઉપર નવી ધજા નું રોહન કરવામાં આવે છે આ મુજબ જેઠ સુદ સાતમ અને શુક્રવારના રોજ ચાણસ્માત કાનદાસ પુરાના ઢાળના મોરલા વાસીઓએ નવ ગજા પીરની ઉજવણીનું આયોજન કર્યું હતું જેમાં સવારે દેશી ઢોલ ના નાદ સાથે નવજાત પીરના વ્યવસ્થાન ઉપર લીલી ધજા નું આરોહણ કરાયું હતું અને બપોરે નવ ગજા પીર નો નૈવેદ કર્યા બાદ સૌ મહોલ્લાવાસીઓએ સાથે મળીને ભોજન પ્રસાદ ગ્રહણ કરી નવગજાપીરની ઉજાણી નો આનંદ પ્રાપ્ત કર્યો હતો આ શુભ પ્રસંગ નો આયોજન કનુભાઈ માધવદાસ પટેલ ના માર્ગદર્શન નીચે કાનદાસ પુરાણ ના મહોલ્લાવાસીઓએ સાથે મળીને કર્યું હતું.

## ધોરણ ૧૦માં ધારેલું પરિણામ ન મળતા યુવકનો આપઘાત

(એ.આર.એલ),ભુજ,તા.૨૬

દસમાં ધોરણનું પરિણામ જાહેર થતાં ધાર્યા ટકા ન આવતાં ભુજના જુની રાવલવાડીમાં રહેતા છાત્રએ પોતાના ઘરના ઉપરના રૂમમાં પંખા પર લટકીને આપઘાત કરી લીધો હતો. એક ના એક પુત્રના મોતાથી માતા-પિતા અને સગાસબંધીઓમાં આક્રંદ સાથે શોકનો માહોલ છવાઇ ગયો હતો. ભુજના જુની રાવલવાડી વિસ્તારમાં રહેતા હષતકુમાર દિનેશભાઇ મહેશ્વરી (ઉ.વ.૧૭) નામના દસમાં ધોરણના વિદ્યાર્થીએ પોતાના ઘરમાં સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં પંખા પર દુપટ્ટો બાંધી આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે એ ડિવિઝન પોલીસે જણાવ્યું હતું કે, દસ ધોરણનું પરિણામ જાહેર થવાનું હોઇ સવારે હતભાગી હષત પોતાના ઘરના ઉપરના રૂમમાં ઓનલાઇ પરિણામ ચેક કરતો હોઇ જેમાં તેને ૪૯ ટકા આવ્યા હોઇ ધાર્યા મુજબ ટકા ન આવતાં તે નાસીપાસ થઇ ગયો હતો. જેને કારણે મનપર લાગી આવતાં પંખા પર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.

## કાંકરેજ તાલુકામાં SOG પાલનપુરની તપાસ ટીમ, સ્થાનિક શિહોરી પોલીસ અને જિલ્લા ભૂસ્તર વિભાગનો સપાટો



બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના મોટા જામપુર અને આંબલુણ ખાતે બનાસ નદી પટ્ટ વિસ્તારમાંથી અલગ અલગ સ્થળેથી ૩ એક્સકેવેટર (હિટાચી) મશીન, ૩ ડમ્પર તથા એક ટ્રોલી-ટ્રેક્ટર બિનઅધિકૃત રીતે સાદી રેતી ખનીજનું ખોદકામ/વહન કરવા બદલ પકડી પાડવામાં આવેલ. ભૂસ્તર વિભાગ દ્વારા બિનઅધિકૃત ખનન/વહનમાં લેવાયેલ તમામ વાહનો સીઝ કરવામાં આવેલ, તમામ વાહનો મળી કુલ બે કરોડ પિસ્તાલીસ લાખ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે જેની આગળની કાર્યવાહી ભૂસ્તર વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4